સુવિચાર
નિયમ અને શિસ્ત આ બે એવા અનાથ દિકરા છે કે જેને જન્મ આપનાર ઘણા છે, પણ એનું પાલન કરનારા બહુ ઓછા છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૪/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
કોલાવેરી શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર વદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૧૧૪

## આઝાદીનાં ૭૮ વર્ષ બાદ પણ શાસકો સિંચાઈનું પાણી પહોંચાડી શકયા નથી

# અમરેલી જિલ્લાનાં અનેક ગામો "આકાશી ખેતી" પર નિર્ભર !

**સાવરકુંડલા, અમરેલી અને લીલીયા પંથકનાં અનેક ગામોની હજારો એકર જમીનમાં માત્ર વરસાદનાં આધારે જ થાય છે ખેતી**

**જો પુરતા પ્રમાણમાં વરસાદ ન પડે તો ખેડૂતોની આવક શૂન્ય પર આવી જાય છે**

**સિંચાઈનાં પાણીનાં અભાવે ખેડૂતો દેવાદાર બને અથવા તો સ્થળાંતર કરવા મજબુર થાય છે**

**સીમરણ ગામનાં જાગૃત નાગરિક ભરતભાઈ ચોડવડીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને વ્યથા વર્ણવી**

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લાનાં ખેડૂત પુત્રો ભલેને ખેડૂતોનું ભલું કર્યાની ગુલબાંગો ફેંકી રહ્યા હોય પરંતુ સાવરકુંડલાનાંસીમરણ ગામનાંજાગૃત નાગરિક ભરતભાઈ ચોડવડીયાએ મુખ્યમંત્રીનેપાઠવેલપત્રમાંખારાપાટની બિહામણીસમસ્યારજૂકરીછે.

તેઓએપત્રમાંજણાવેલછે કે,અમરેલીજિલ્લાનોખારાપાટવિસ્તાર જેમાં સાવરકુંડલા, અમરેલી તથા લીલીયા તાલુકાના અનેક ગામડાઓનો સમાવેશ થાય છે તે બહુચર્ચિત બિનસિંચાઈ વિસ્તારોમાંથીએકછે.આ વિસ્તારના ગામો આજે પણ વરસાદી પાણી પર આધાર રાખે છે. અર્થાત "આકાશીખેતી" પરનિર્ભરછે.

વધુમાં જણાવેલ છે કે, આ વિસ્તારના ખેડૂતોની જીવનરેખા માત્ર વરસાદછે.જોવરસાદઓછોપડે,મોડો આવેઅથવાઓછાદિવસોસુધીરહેતો આખાવર્ષનુંઉત્પાદનખોરવાઈજાયછે. આવીસ્થિતિમાંપાકનિષ્ફળજાય,ઉગે નહી અને વર્ષભરનું આવક મુલ્ય શૂન્ય બને. આ ખેતરનો ખેડૂતો વર્ષે વર્ષે કુદરતનીમહેરબાનીપરજીવતોરહેછે.

આ વિસ્તારોમાં હજુ સુધી કોઈ વ્યાપક સિંચાઈ યોજના પહોંચી નથી. કારણ કે જમીન નીચે પાણીની સપાટીઆવિસ્તારોમાંખારાશધરાવતી છે. સરકારી યોજના તરીકે "સૌની યોજના"જે અંતર્ગત સરદાર સરોવરનું પાણી પાઈપલાઈન મારફતે પહોંચાડવામાંઆવેછેતેઆવિસ્તારમાં અત્યાર સુધીઅમલમાંઆવીનથી.

આંખે જોઈ શકાય તેટલી આર્થિક દુર્દશા છે. પાક વિનાનું વર્ષ ખેડૂતનેદેવામાંધકેલીદેછે.ઊંચાવ્યાજે લીધેલા કરજ પરત કરી શકતા નથી.

અનુસંધાન પાના ૬ ઉપર

## દેશની ગૌરવસમી સિંહણની હાલત રખડુ શ્વાન જેવી જોવા મળી

# અરેરાટી : અમરેલીનાં સાવરકુંડલા માર્ગ ઉપર અજાણ્યા વાહન હડફેટે આવી જવાથી સિંહણનું કમકમાટીભર્યુ મોત

**કરોડો રૂપિયાનાં ખર્ચ બાદ સિંહ, સિંહણને સુરક્ષિત રાખી શકાતા નથી**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓ સિંહ, દીપડા, નીલગાય જેવા પ્રાણીઓ અને ખોરાક માટે થઈ અવારનવાર જંગલ વિસ્તાર છોડી માનવ વસાહત અને હાઈવે માર્ગો ઉપર નીકળી જાય છે. ત્યારે છાશવારે તેમાં નાના મોટા અકસ્માતમાં બનતા આવા ગીરના ધરોહર સામાન પ્રાણીઓ ઈજાગ્રસ્ત થાય છે. અથવા તો મોતને ભેટે છે. ત્યારે વન્ય પ્રાણીઓ બરાડા પાડીને શાંત થઈ જાય છે. તેમ છતાં પણ જવાબદાર વિભાગ કે કર્મીઓ ગીરની શાન સમા સિંહની સુરક્ષા કરવામાં નિષ્ફળ જાય છે. ત્યારે આજે વહેલી સવારે અમરેલી નજીક સાવરકુંડલા રોડ ઉપરર આવેલ ચકકરગઢ ગામના પાટીયા પાસે એક અજાણ્યા વાહન ચાલકે એક સિંહણને કચડી નાખતા સિંહણનું મોત થતાં અરેરાટી ફેલાય જવા પામી છે. આ બનાવ અંગે વન વિભાગ દ્વારા સતાવાર પુષ્ટી કરવામાં આવેલ છે.



અમરેલી નજીક આવેલ શેત્રુજી નદીના કાંઠા વિસ્તારમાં અનેક સિંહ પરિવારનો વસવાટ હોય, જેને લઈ રાત્રીના સમયે સિંહ, સિંહણ

અનુસંધાન પાના ૬ ઉપર

# કપિરાજના આગમનથી આનંદની લાગણી



લગભગ દર વર્ષે દામનગર શહેરની પ્રાણી પ્રિય જનતાને દર્શન આપવા માટે પધારતા કપિરાજ (આ વખતે એક નહીં પણ બે) ગલીએ – ગલીએ અને શહેરના વિવિધ વિસ્તારોમાં અને જયાં વધું ઠંડક અને આનંદ મળે એવાં સ્થળમાં, હવેલી પાસે શાક – ભાજીનો થડો ધરાવતા મુન્નાભાઈના થડે આજે ગુરૂવારે બપોરનાં ૩.૧૫ વાગે બંને કપિરાજ પધારતા ટામેટાં, લીલી ચોળી, કાકડી, પાલખની ભાજી અને કેસર કેરીનું ભોજન કરાવતા હતા ત્યારે અહીંથી પસાર થતાં લોકોએ આ દ્રશ્ય નિહાળીને આનંદિત થયાં હતાં.

## મોટા ઉજવળા ગામ નજીક દુર્ઘટના ઘટી

# કુંકાવવાના અનિડા ગામે રહેતા ટ્રેકટર ચાલકનું ટ્રોલી નીચે આવી જવાથી મોત

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૨૪

કુંકાવાવ તાલુકાના અનિડા ગામે રહેતા અને ડ્રાઈવીંગનું કામ કરતાં દિનેશભાઈ સાર્દુલભાઈ ટોળીયા નામના ૪૧ વર્ષિય ડ્રાઈવર ગત તા.૨૩ ના રોજ સાંજે ૭ વાગ્યા આસપાસ પોતાના હવાલાવાળુ ટ્રેકટર નં.જી.જે. ૦૨ બી. ૬૫૯૦ ની ટ્રોલીમાં લોખંડના સળીયા ભરી મોટી કુંકાવાવ ગામેથી અનિડા ગામે જતા હોય, ત્યારે મોટા ઉજળા ગામ તેમજ અનિડા ગામની વચ્ચે આવેલ હિતેષભાઈ નારણભાઈ જીયાણીની વાડી સામે રોડ ઉપર પહોચતા પોતાના



હવાલાવાળુ ટ્રેકટર બેફીકરાઈ ભરી રીતે ચલાવતા પોતાના હવાલાવાળા ટ્રેકટરની લારી જોડવાનો હુક તુટી જતા પોતાના હવાલાવાળા ટ્રેકટરના સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા ટ્રેકટર રોડની ડાબી સાઈડમાં ટ્રોલી સાથે પલ્ટી મારી જતા ડ્રાઈવર પોતે ટ્રેકટર તેમજ ટ્રોલી નીચે દબાઈ જતા માથાના ભાગે ગંભીર ઈજા તેમજ શરીરે નાની મોટી ઈજાઓ કરી થતાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં ટ્રેકટર ચાલક દિનેશભાઈ સાર્દુલભાઈ ટોળીયાનું સારવાર દરમ્યાન મોત નિપજતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર યુદ્ધનાં ધોરણે કામ કરવાની જરૂર

# અમરેલીનાં જુના પોલીસ સ્ટેશન નજીક ગટરની નાની એવી કામગીરીને લઈને ૧૫ દિવસથી રેલિંગ લગાવાઈ

**જે કામ ૨–૪ કલાકમાં થાય તે ૧૫ દિવસથી થતુ નથી**





અમરેલી, તા. ૨૪

અમરેલી પાલિકાના રીપેરીંગથી લઈને નવસર્જનના કામોની ગતિથી ગોકળગાયને પણ શરમ આવી જાય છે તેટલી હદે ધીમી ગતીએ કામ થતાં હોય છે. પાલિકાનાં માર્ગ પરના રીપેરીંગના કામથી વાહન વ્યવહારને પણ ખાસ્સી અસર થાય છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે પાલિકા કચેરી સામે જ ૧૫ દિવસથી રેલીંગ માર્ગની વચ્ચે લગાવી દેવામાં આવી છે.

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીની જનસંખ્યા દોઢ લાખ સુધી પહોંચી ચુકી છે. ઘરે–ઘરે નેતાઓ હોવા છતાં પણ શહેરની સામાન્યથી લઈને વિશાળ સમસ્યા એક પણ કહેવાતા સમાજસેવી નેતાનાં ધ્યાને આવતી નથી.

જિલ્લા પંચાયત અને એસ.ટી. બસ સ્ટેન્ડ માર્ગ ઉપર દિવસ–રાત હજારો નાના–મોટા વાહનો પસાર થતાં હોવા છતાં ૧૫ દિવસથી માર્ગની વચ્ચે રેલિંગ લગાવતા અવાર–નવાર ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી હોય પાલિકાના શાશકો આળશ ખંખેરે તેવી માંગ ઉભી થઈ રહી છે.

## રત્નકલાકારે બેકારીથી કંટાળી એસિડ પી લીધું

# સુરતમાં આપઘાતનો સિલસિલો અવિરત, વધુ બે જિંદગી હોમાઈ

**યુવકે બેકારીના કારણે અંતિમ પગલું ભર્યુ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું**

સુરત, તા.૨૪

સુરત શહેરમાં આવેલા કાપોદ્રા વિસ્તારની સ્નેહમુદ્રા સોસાયટીમાં રહેતા રત્નકલાકારે લગ્નના છ મહિનામાં એસિડ પી આપઘાત કરી લીધો હતો. યુવકે બેકારીના કારણે અંતિમ પગલું ભર્યુ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.ગીર સોમનાથના વતની અને હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલી સ્નેહમુદ્રા સોસાયટીમાં ૩૦ વર્ષીય અજીત જોદુભાઈ ગોહિલ પત્ની સહિતના પરિવાર સાથે રહેતા હતા. અજીત ગોહિલના છ મહિના પહેલા જ લગ્ન થયા હતા. તે રત્નકલાકાર તરીકે નોકરી કરતા હતા પરંતુ હાલ હીરામાં મંદીને કારણે તેમની નોકરી છૂટી ગઈ હતી. બેકારીના કારણે અજીતભાઈએ તા.૧૦મી એપ્રિલે રાત્રે વરાછા વર્ષા સોસાયટી ખાતે એસિડ પી લીધું હતું. સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન આજે બપોરે તેમનું મોત નિપજ્યું હતું.શહેરના ઉમરા વિસ્તારમાં આવેલા હળપતિવાસમાં ૨૫ વર્ષીય સીમા શૈલેષભાઈ રાઠોડ માતા અને બે

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્‌લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૦૦૨

## માર્ગદર્શન મળી શકે તે માટે હેલ્પ સેન્ટરની સુવિધા

# અમરેલી જિલ્લાની ૧૨ આઈટીઆઈ ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઈ

**માર્ગદર્શન મળી શકે તે માટે હેલ્પ સેન્ટરની સુવિધા**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લાની તમામ આઈ.ટી.આઈ ખાતે પ્રવેશ સત્ર–૨૦૨૫ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. જેમાં ધોરણ–૮ પાસ તથા ધો. ૧૦ પાસ

અનુસંધાન પાના ૬ ઉપર

# અમરેલી ખાતે બ્રહ્મકુમારીઝ દ્વારા કાશ્મીર ઘટનામાં મોતને ભેટેલ નાગરિકોને શ્રધ્ધાંજલિ પાઠવાઈ




જેસીંગપરા ખાતે ત્રિદિવસીય રામકથાના બીજા દિવસે કથાની શરૂઆતમાં જ જમ્મુ કાશમીરના પહેલગાવમાં ૨૮ યાત્રીઓને ગોળી મારી હત્યા કરાતા આ સદગત આત્માઓને નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરજીયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા, મહામંત્રી રાકેશભાઈ સાવલિયા, યોગેશભાઈ ગણાત્રા, ચેરમેન સંદિપભાઈ માંગરોળીયા, બ્રહ્માકુમારીઝ સંસ્થાના કલાકાર બ્ર.કુ. કિંજલદીદી, બ્ર.કુ. તુપ્તિદીદી, બ્ર.કુ. અર્ચનાદીદી, કથાના મુખ્ય યજમાન બ્ર.કુ. જયંતિભાઈ પટોળીયા, ભાજપ ઉપપ્રમુખ ધર્મેશભાઈ અજાણી, સંજયભાઈ માલવીયા, દિવ્યેશ વેકરીયા, વિપુલ પટોળીયા, ચેતન બોદર અને મેહુલ લહેરી તેમજ તથા કથામાં ઉપસ્થિત ૬૦૦ નાના મોટા વયોવૃધ્ધે હાથમાં મીણબતી લઈ સદગત આત્માઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ. તેમ ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

### આશાસ્પદ યુવકનું આકસ્મિક મૃત્યુ થતાં

## લીલીયા મોટાનાં આંબા ગામે સ્મરણાર્થે વિવિધ સેવાકીય કાર્યક્રમ યોજાયા

### રાજકીય આગેવાનોએ સાંત્વનાં પાઠવી



લીલીયા મોટા,તા. ૨૪

લીલીયા તાલુકાના આંબા ગામના રહીશ અને લીલીયા મુકામે હીરાનું કારખાનું ચલાવતા કિશોરભાઈ બરવાળીયાના પુત્ર પાર્થ (ચિન્ટુ) બરવાળીયાનું આકસ્મિક અવસાન થયેલ છે ત્યારે તા.૨૪/૪/૨૦૨૫ના રોજ આંબા મુકામે સદગતનું બેસણું રાખવામાં આવેલ. સ્વ.પાર્થના બેસણાના દિવસે આંબા ગામે વિવિધ સેવાકીય કાર્યો યોજવામા આવ્યા જેવા કે રક્તદાન કેમ્પ માં ૬૦ બોટલ રક્ત દાન,ગામની નિરાધાર ગાયોને લીલો ઘાસચારો, તેમજ પક્ષીને ચણ નાખવી, માળા વિતરણ અને શ્વાનને લાડુ નાખવા અને બેસણાંમાં આવતા લોકો ને પાર્થના આત્માને શાંતિ મળે એવા ઉદ્દેશથી વુક્ષો પણ આપવા જેવી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ સદગતના આત્માના શાંતિ માટે કરવામાં આવેલ સ્વ.પાર્થ બરવાળીયાના નિધનથી વિસ્તારમાં ઘેરા શોકની લાગણી છવાયેલ હોય ત્યારે સામાજિક આગેવાનો રાજકીય આગેવાનો, હીરા વેપારીઓ સહિત રાજકીય આગેવાનો જેમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત સહિતના લોકોએ બરવાળીયા પરિવાર પર આવેલ અણધારી આફતને લઈ પરિવારને સાંતવના પાઠવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### સીતારામ ધૂન મંડળ દ્વારા

## બાબરાની 'કર્મનું ભાથા સંસ્થા'ને ડીપ ફ્રીજ અર્પણ કરવામાં આવ્યું

### ભુખ્યાને ભોજનનું ચાલે છે શ્રેષ્ઠ કાર્ય



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪

બાબરામાં દરરોજ સાંજે ભૂખ્યા તેમજ અભ્યાગતોને ભોજન પીરસતી સંસ્થા કર્મનું ભાથુમાં દરરોજ સાંજે મોટી સંખ્યામાં લોકો ભોજન મેળવી પોતાની ભુખ સંતોષે છે. ત્યારે અમરાપરામાં સીતારામ ધૂન મંડળ ધ્વારા અહીં સંસ્થામાં એક મોટું ડીપ ફ્રીજ અર્પણ કરી સેવાની સરવાણી ફેલાવી હતી.

## વડિયા : બાવકુભાઈ ઉંઘાડની ઉપસ્થિતિમાં વિદાય સમારોહ યોજાયો





વડિયા, તા. ૨૪

ગ્રામ પંચાયત સંચાલિત શૈક્ષણીક સંસ્થાન શ્રી સુરગવાળા સાર્વજનિક હાયર સેકન્ડરી સ્કુલના ત્રણ શિક્ષકોની બદલી થતા યોજાયેલ વિદાય સમારંભના કાર્યક્રમમાં ગુજરાત રાજયના પુર્વ યુવા સાંસ્કૃતિક મંત્રી બાવકુભાઈ ઉંઘાડ દ્વારા કર્મઠ કર્મશીલ શિક્ષકોની સેવાની સરાહના કરવામાં આવી હતી.

## અમરેલી શહેર ભાજપની નવનિયુકત ટીમે સાસંદ સહિતનાં આગેવાનોની શુભેચ્છા મુલાકાતે



અમરેલી, તા.૨૪

અમરેલી શહેર ભાજપ નવનિયુકત ટિમ અમરેલી જિલ્લામાં ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી તથા અમરેલી જિલ્લા ભાજપના મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા તથા ગુજરાતના મુખ્ય નાયક દંડક અમરેલી ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા તથા અમરેલી સાંસદ ભરતભાઈ સુતરિયા તથા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સાથે જિલ્લા પંચાયતના ચેરમેનઓ શુભેચ્છા મુલાકાત કરી.

આ તકે અમરેલી શહેર ભાજપના પ્રમુખ વિજયભાઈ ચોટલિયા, મહામંત્રી રાકેશભાઈ સાવલિયા, મૌલિકભાઈ ઉપાધ્યાય, દેવરાજભાઈ બાબરીયા, વર્ષાબેન મકવાણા, મંત્રી પંકજભાઈ સોલંકી, વિમલગીરી ગોસાઈ, ડાયાભાઈ મકવાણા, આરતીબેન અટારા, કિરણબેન પડાયા, રેખાબેન પરમાર, કોષાધ્યક્ષ પ્રવિણાબેન રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

### આયોજન અર્થે મહત્ત્વની બેઠક યોજાઈ

## અમરેલીનાં લાપાળીયા ગામે ૨૯ એપ્રિલથી ત્રિદિવસીય મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

### સેંકડો યુવાનો મહોત્સવને લઈને ભારે જહેમત ઉઠાવી રહ્યા છે



અમરેલી, તા. ૨૪

અમરેલીના લાપાળિયા ગામમાં યોજાનાર ત્રિદિવસીય ભવ્ય મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી માટે એક બેઠક યોજાઈ અને ગામના સેંકડો યુવાનો ધ્વારા રોજ આખી રાત જાગીને સેવાયજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. અને તડામાર તૈયારીઓના ધમધમાટ ચાલી રહ્યો છે.

અમરેલીના લાપાળિયા ગામે તા.૧૩/૧/૨૨ના પૂજારી હરિરામબાપુના મંડળ વખતે યોજાયેલી સંતસભામાં મોરારીબાપુએ તેમના દિકરા ધર્મેશબાપુને મંદિર વિશે પૂછયુંહતું કે આ મંદિર કેટલા વર્ષ જૂનું છે? ૮૦વર્ષ સુધી આ મંદિરની સેવા કરનાર હરિરામબાપુ વિશેષ રીતે યાદ કરીએ અને આ મંદિરના નવનીર્માણ માટે ચિત્રકૂટ તલગાજરડા ધામ તરફથી તુલસીપત્ર હું આપું તેમ કહીને રૂ. સવા લાખના સૌ પ્રથમ દાનની જાહેરાત કરી હતી. આ પછી દોઢ કરોડના ખર્ચે ભવ્ય રામજી મંદિરનું નવનિર્માણ થયું છે. આગામી તા.૨૯ થી ૧ સુધી મંદિરના ભવ્ય પુન:પ્રતિષ્ઠા મહોત્સવની તડામારી તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે.

આ માટે ગામ સમસ્તની બેઠક યોજાઈ હતી. અને ગામના તમામ યુવાનો ધ્વારા કાર્યક્રમ પૂરો ન થાય ત્યાં સુધી રોજ જુદા–જુદા યુવાનો આખી રાત જાગીને શ્રમદાન આપે છે અને મંડપ, આખા ગામની પાણીથી ધોઈને સાફસફાઈ, બાવળ કટીંગ, મંડપ રસોડું અને જમણવાર, વાહન પાર્કિંગ વ્યવસ્થા વગેરે ગોઠવવામાં આવી રહ્યાં છે. કાર્યક્રમ પૂરો થશે ત્યાં સુધી રોજ જુદા–જુદા યુવાનો આખો દિવસ અને રાત સેવા આપશે. ત્રણ દિવસમાં સેંકડો લોકો આ કાર્યક્રમમાં ભાગ લેશે. વિવિધ દાતાઓ દ્વારા પણ આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે દાનની સરવાણી વહાવવામાં આવી રહી છે.

અમરેલીના લાપાળિયા ગામે સમસ્ત દ્વારા યોજાનાર ભવ્ય મૂર્તિ પૂન: પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવા માટે સુરત, અમદાવમદ સહિતના વિસ્તારમાં સ્થાયી થયેલા ગામના લોકોનો પ્રવાહ શરૂ થયો છે અને બસો ભરીને લોકો પોતાના વતનમાં પહોચ્યા હતા.

### ટ્રસ્ટના નિયામક મિલનભાઈ ઝાટકીયાનાં સહયોગથી

## ગોપાલગ્રામની ઓ.પી. ઝાટકિયા હાઈસ્કુલમાં ૨ વર્ગખંડ અને ઓફિસનો થશે પ્રારંભ

### આગામી ૩૦ એપ્રિલે પાવન કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા. ૨૪

ગોપાલગ્રામ ઓ.પી. ઝાટકિયા હાઈસ્કુલ, ખાતે ગ્રામ વિકાસ મંડળ ટ્રસ્ટના નિયામક મિલનભાઈ ઝાટકીયાના આર્થિક સહયોગથી બે વર્ગખંડ તથા એક ઓફિસનું નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું છે.

આ નવી ઈમારતના ઉદઘાટન સમારંભ માટે તારીખ ૩૦ એપ્રિલ, ૨૦૨૫ (બુધવાર)ના રોજ પાવન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# લીલીયા તાલુકાની વિવિધ આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણ પખવાડિયાની ઉજવણી કરાઈ



લીલીયા પોષણ પખવાડિયા ૨૦૨૫ની ઉજવણી આંગણવાડી કેન્દ્રમાં ઈસીસીઈની પ્રવૃત્તિ કરવામાં આવેલ અને કિશોરી શાળાએ ન જતી ની મુલાકાત લઈ આગળના અભ્યાસ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવેલ આજના કાર્યક્રમમાં Early Childhood Care & Education (ECCE) એટલે કે પ્રારંભિક બાળ કાળ સંભાળ અને શિક્ષણ પર પ્રયાન કેન્દ્રિત કરાયું. આ કાર્યક્રમમાં આંગણવાડી કેન્દ્રમાં ઈસીસીઈ વિશે જાગૃતિ લાવવા માટે ઘર–ઘર મુલાકાત કાર્યક્રમ યોજાયો, જેમાં બાળકોના વાલીઓને આંગણવાડી કેન્દ્રમાં બાળકોને મોકલવા માટે સમજ આપવામાં આવી તેમજ એફઆરએસ કરી સગર્ભા અને ધાત્રી માતાને ટીએચઆર વિતરણ કરવા અંગેની એન્ટ્રી કરવામાં આવેલ અને તેના લાભ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

"પપ્પાએ પુછ્યુ કે આજે લેસનમાં શું-શું છે ? મેં કીધું લેસનમાં આજે કબૂતરનું ઘુંઘુ છે !"

# અમરેલીનાં વિશિષ્ટ પ્રતિભા : એક ડોક્ટરની...બાળ સાહિત્યકાર બનવાની સફર

**આયુર્વેદ ડો. ભારતીબેન બોરડ એક દાયકાથી એકલપંડે ચલાવે છે "બાલવાટિકા" સામયિક**

**ગ્રામિણ પરિવેશમાં ઉછરેલા સાહિત્ય પ્રેમીએ બાળમાનસની નાડ પારખી છે**

**સાહિત્યનો શાસ્ત્રીય અભ્યાસ નથી કર્યો છતાં વિદ્વાનો તેમની રચનાઓ સાંભળી 'વારી જાય' છે**

**ડો. ભારતીબેનની રચનાઓ ગુજરાતના બાળસાહિત્યને બનાવે છે વધુ સમૃધ્ધ**



અમરેલી, તા. ૨૪

ન કોઈ સાહિત્યનો શાસ્ત્રીય અભ્યાસ, ન કોઈ સાહિત્યનો વારસો. માત્ર અંતઃ સ્ફુરણા, બાળકો માટેનો વાત્સલ્યભાવ અને સંવેદનાનાં બળે થોકબંધ બાળસાહિત્યનું સર્જન કર્યુ છે. એટલું જ નહિ, લગભગ છેલ્લા એક દાયકાથી એકલપંડે 'બાળવાટિકા' સામયિક પ્રકાશિત કરી રહ્યાં છે.

માત્ર બાળ સાહિત્યિક રચનાઓ નહિ, પણ તેમના મીઠાં મધુરા કંઠે ગવાયેલા બાળગીતો સાંભળ્યાં હોય તો 'વારી ગયા' વગર રહેશો નહીં, તેની પણ ખાતરી છે. આ બાળસાહિત્યકાર એટલે અમરેલીના ડો. ભારતીબેન બોરડ. વ્યવસાયે આયુર્વેદ ડોકટર પણ બાળસાહિત્યનાક્ષેત્રમાં કયારે સરી પડયાં તેનો તેમને પણ ખ્યાલ નથી રહ્યો!

ગ્રામીણ પરિપ્રેક્ષ્યમાં ઉછરેલા ડો. ભારતીબેન બોરડ બી.એ.એમ.એસ.નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ જયારે જસદણમાં તબીબી પ્રેકિટસ કરી રહ્યા હતાં તે દરમિયાન તેમને દર્દી તરીકે આવતાં બાળકો અને દર્દીઓની સાથે આવતાં પરિવારનાં બાળકો સાથે એક અનેરો નાતો કેળવાતો રહે છે. તેઓ બાળકનાં મનોભાવો, ચંચળતા, ઉત્સુકતા, ડર, ખુશી, જિજ્ઞાશા વગેરે બાળ સહજભાવોનું બારિકાઈથી નિરીક્ષણ કરતા રહે છે, તેમાંથી શરૂઆત થાય છે તેમના બાળસાહિત્ય સર્જનની યાત્રાની. આજે તેઓ ૩૫૦થી વધુ બાળગીતો, ૧૫૦થી વધુ બાળવાર્તાઓ ઉપરાંત અનેક શિશુવાર્તા, કિશોરવાર્તા, બાળનાટક, જોડકણાં વગેરે સર્જન કરી ચૂકયા છે.

બાળમાનસનાં નાડ પારખું ડો. ભારતીબેન બોરડ કહે છે કે, કિલનિક વ્યવસાય, ઘર, બાળ ઉત્કર્ષ ઉપરાંત ઘણા સમાજલક્ષી કાર્યક્રમ માટે ખૂબ પ્રવાસ રહે છે. આ દરમિયાન કાગળ અને પેન પર્સમાં સાથે જ હોય. કોઈપણ વિચાર કે અંતઃ સ્ફુરણા જાગે તો તેને સીધી કાગળ ઉપર ઉતારી દઉં. તેને મમળાવતાં તેમાંથી સાહિત્ય નીપજતું રહે.

દર માસે પ્રસિધ્ધ થતાં બાળ વાટિકા સામયિક વિશે તેમણે કહ્યુ કે, તે ૨૦૧૬થી એટલે કે છેલ્લા દસેક વર્ષથી એકલા હાથે પ્રકાશિત કરી રહ્યા છે. જેમાં બાળગીત, બાળવાર્તા, પ્રાર્થના, બાળ રમત, જોડકણા, ગણિત ગમ્મત, લેખન વાંચન, ભાષા વિકાસ, ઉખાણાં, રંગપૂરણી સહિત આરોગ્યલક્ષી સામગ્રી સમાવી લેવામાં આવે છે.

ડો. ભારતીબેન બોરડ કહે છે કે, ખેતી પશુપાલન સાથે સૌ ભાઈ બહેનો અભ્યાસમાં આગળ વધતા રહ્યાં. નર્યા કુદરતી સાંનિધ્ય વચ્ચે ઉછર્યા. ઘરમાં રામાયણ ભાગવતનું વાંચન. ભાતીગળ ગીતો ગાવા, પૌરાણિક અને વ્રતકથાઓ સાંભળવી, રેડિયોના માધ્યમથી તેમની સવાર થતી, સવારના અર્ચના કાર્યક્રમથી માંડી રાત્રિ સુધીના કાર્યક્રમોએ ઘણું બધું જ્ઞાન આપ્યું. એમ, બાળપણથી શબ્દ, સૂર અને સંગીતનું ભાથું મળ્યું હતું.

વરસાદી બાળગીતોનો સંગ્રહ 'આવો વાદળિયાં', શિશુગીતોનો સંગ્રહ 'આવો દડુલીયા' ઉપરાંત 'પતંગિયું ને હું' બાળગીતોની કેસેટ, 'જળ એ જ જીવન' ઓડિયો કેસેટ વગેરે પ્રકાશન-સર્જન તેઓ કરી ચૂકયા છે.

આ ઉપરાંત આગામી સમયમાં ૧૦થી વધુ પુસ્તક-પુસ્તિકાઓને પણ તેઓ પ્રકાશિત કરવા જઈ રહ્યા છે. તેમના એક બાળગીત સંગ્રહ 'આવો, પતંગિયાં' નો એક મહિલા પ્રોફેસરે તેમના પીએચડીના અભ્યાસમાં સમાવેશ કર્યો છે. આમ, તેમની રચનાઓ ગુજરાતી બાળસાહિત્યને વધુ સમૃદ્ધ બનાવે છે.

ડો. ભારતીબેન બોરડના સાહિત્ય સર્જનની રાજયની ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ગુજરાત બાળસાહિત્ય અકાદમીએ પણ નોંધ લીધી છે. આજે પણ તેઓ સતત શિક્ષણ, આંગણવાડી બહેનો, પ્રકૃતિ પર્યાવરણ, અંધશ્રદ્ધા નાબૂદી, વ્યસન મુકિત સહિતના સમાજ ઉત્કર્ષના કાર્યમાં સહભાગી બની જરૂરી માર્ગદર્શન કરતા રહે છે. ઉપરાંત તેઓ સ્વખર્ચે બાળ ઉછેર-બાળ વિકાસ સહિતના કાર્યો કરતા રહે છે.

વર્ષ ૧૯૬૯ના સપ્ટેમ્બર માસની ૨ તારીખે મોટા આંકડિયા ગામે જન્મેલાં અને મોટી કુંકાવાવનાં વતની ડો. ભારતીબેન બોરડ કહે છે કે, એવી કલ્પના પણ નહતી કે બાળસાહિત્યના ક્ષેત્રમાં આટલું લખી શકીશ. ઈશ્વરે કૃપાથી જ આ કાર્ય માટે નિમિત્ત બની શકી છું.

તેઓ આયુર્વેદ તબીબ હોવાથી તેમણે ઘણા આરોગ્યલક્ષી લેખો પણ લખ્યા છે. ઉપરાંત આરોગ્યલક્ષી કાર્યક્રમો અને સેમિનાર પણ આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે, અમરેલીની ભૂમિ એ કવિ કાગ, રમેશ પારેખ, કલાપી, કાન્ત વગેરે સમર્થ સાહિત્યકારો આપ્યા છે, જેમનું ગુજરાતી બાળ સાહિત્યમાં અદ્વિતીય યોગદાન રહ્યું છે તેવા મુછાળી મા એટલે કે ગિજુભાઈ બધેકાનો જન્મ પણ અમરેલીના ચિતલમાં થયો હતો.

**મુલાકાત અને આલેખન : શ્રી રોહિત ઉસદડ**

**તસવીર : શ્રી મધુસૂદન ધડુક**

## રાજુલા ખાતે પહેલગામે થયેલ આંતકવાદ હુમલામાં મોતને ભેટેલ નાગરિકોને શ્રદ્ધાંજલિ અપાઈ

રાજુલા, તા.૨૪

પહેલગામે આંતકી હુમલામાં શહીદોને રાજુલાની વિવિધ સંસ્થા ધ્વારા શ્રદ્ધાંજલિ આપવા ના વિવિધ કાર્યકમો રાજુલા શહેરમાં યોજાયા ત્યારે સર્વપ્રથમ રાજુલા શહેરમાં માર્કેટિગ યાર્ડમાં આવેલા તમામ ખેડુતો ધ્વારા શ્રદ્ધાંજલિ નો કાર્યકમ યોજાયો. આ ખેડુતો ધ્વારા શ્રદ્ધાંજલિના કાર્યકમમાં રાજુલાના ધારાસભ્ય હીરાલાલ સોલંકી પણ જોડાયેલા ત્યારબાદ રાજુલા શહેરમાં શહીદ ચોકમાં આવેલ ૧૦૮ફુટ ઉભો કરવામાં આવેલ. સ્તંભમાં રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ ફરકાવી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ત્યારબાદ રાજુલા શહેરની કાન્હા વિશ્વવિધાલય ધ્વારા જલારામ સર્કલથી શહીદ ચોક સુધી વિધાર્થીઓ ધ્વારા મૌન રેલી યોજવામાં આવી અને ત્યારબાદ ગાયત્રી મંત્ર બોલી અને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ત્યારબાદ રાજુલા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ધ્વારા શ્રદ્ધાંજલિ નો કાર્યકમ યોજવામાં આવેલો. જે રાજુલા હવેલી ચોકથી આ મૌન રેલી યોજવામાં આવી જેમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા જેમાં રાજુલા શહેરના વેપારીઓ વિવિધ સંસ્થાના આગેવાનો ભારતીય જનતા પક્ષના આગેવાનો તેમજ આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદની ટીમ બજરંગ દળ આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદની ટીમ તેમજ વિવિધ હિન્દુ સંગઠનો સહિતના અનેક લોકો આ મૌન રેલીમાં જોડાયેલા અને આ મૌન રેલી શહીદ ચોક સુધી યોજાયેલી અને અંતમાં બે મિનિટનું મૌન રાખી અને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલી સમગ્ર કાર્યકમ દરમિયાન રાજુલા પોલીસ ધ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલો. ત્યારે રાજુલા શહેરમાં આ ઘટનામાં સમગ્ર જગ્યાએ રોષ જોવા મળ્યો આ મૌન રેલીમાં અનેક બહેનો પણ જોડાયેલા


"અમરેલી એક્સપ્રેસ"
અમરેલી શહેરમાં આપને "અમરેલી એક્સપ્રેસ" દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સંકુલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ - કોલેજ શીફ્ટ


| | |
|---|---|
| ★ ધો. ૧ થી ૧૦ GSEB સવાર | ★ BA(Psy-Soc-Eng) કોલેજ બપોર - GM |
| ★ ધો. ૧ થી ૧૦ ICSE સવાર | ★ B.Com.(EM - GM) કોલેજ બપોર |
| ★ ધો. ૧૧ - ૧૨ EM કોમર્સ સવાર | ★ BBA કોલેજ બપોર |
| ★ ધો. ૧૧ - ૧૨ EM સાયંસ સવાર | ★ BCA કોલેજ સવાર |
| ★ પ્રિ. સ્કૂલ - EM સવાર | ★ B.Sc(માઈક્રો - BT) કોલેજ સવાર |
| ★ પ્રિ. સ્કૂલ - GM બપોર | ★ જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ સવાર - GM |


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૭૪૨૫૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫




### જાહેરમાં વડાપ્રધાન મોદીની ખુલ્લી ચેતવણી

# ઓળખીશું, પીછો કરીશું, ધરતીના ગમે તે ખુણે જશે તો પણ આતંકીઓને નહીં છોડીએ : મોદી

**પંચાયતી રાજ દિવસ નિમિત્તે બિહારના વિકાસ સાથે જોડાયેલા હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન મોદીના હસ્તે કરાયા**

મધુબની, તા.૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "આજે, પંચાયતી રાજ દિવસ નિમિત્તે, આખો દેશ બિહારના મિથિલા સાથે જોડાયેલો છે. આજે, દેશ અને બિહારના વિકાસ સાથે જોડાયેલા હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન અહીં કરવામાં આવ્યું છે. વીજળી, રેલ્વે, માળખાગત સુવિધાઓના આ વિવિધ કાર્યો બિહારમાં રોજગારની નવી તકો ઉભી કરશે. આજે રાષ્ટ્રીય કવિ રામધારી સિંહ દિનકરની પુણ્યતિથિ પણ છે, હું તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું."પીએમ મોદીએ વધુમાં કહ્યું, "બિહાર એ ભૂમિ છે જ્યાંથી પૂજ્ય બાપુએ સત્યાગ્રહનો મંત્ર ફેલાવ્યો હતો. પૂજ્ય બાપુ દ્રઢપણે માનતા હતા કે જ્યાં સુધી તેના ગામડા મજબૂત નહીં થાય ત્યાં સુધી ભારત ઝડપથી વિકાસ કરી શકશે નહીં. દેશમાં પંચાયતી રાજની વિભાવના પાછળની આ ભાવના છે. છેલ્લા દાયકામાં, પંચાયતોને સશક્ત બનાવવા માટે એક પછી એક પગલાં લેવામાં આવ્યા છે. ટેકનોલોજી દ્વારા પંચાયતોને પણ મજબૂત બનાવવામાં આવી છે." પીએમ મોદીએ કહ્યું, 'છેલ્લા દાયકામાં, ૨ લાખથી વધુ ગ્રામ પંચાયતો ઈન્ટરનેટ સાથે જોડાયેલી હતી. ગામડાઓમાં ૫.૫૦ લાખથી વધુ કોમન સર્વિસ સેન્ટર બનાવવામાં આવ્યા છે. પંચાયતો ડિજિટલ થવાનો બીજો એક ફાયદો પણ છે. હવે જન્મ/મૃત્યુ પ્રમાણપત્ર, જમીન ધારણ પ્રમાણપત્ર વગેરે જેવા ઘણા દસ્તાવેજો સરળતાથી મેળવી શકાય છે. તેમણે વધુમાં કહ્યું, 'આઝાદીના ઘણા દાયકાઓ પછી, જ્યારે દેશને એક નવું સંસદ ભવન મળ્યું, ત્યારે દેશમાં ૩૦ હજાર નવા પંચાયત ભવન પણ બનાવવામાં આવ્યા. સરકારની પ્રાથમિકતા એ પણ રહી છે કે પંચાયતોને પૂરતું ભંડોળ મળે. છેલ્લા ૧૦ વર્ષમાં, પંચાયતોને ૨ લાખ કરોડ રૂપિયાથી વધુનું ભંડોળ મળ્યું છે. આ બધા પૈસા ગામડાઓના વિકાસમાં રોકાણ કરવામાં આવ્યા છે. પોતાના સંબોધનમાં પણ પીએમ નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કહ્યું કે, દેશના દુશ્મનોએ ભારતની આત્મા પર હુમલો કરવાની હિંમત કરી છે. હું સ્પષ્ટપણે કહી રહ્યો છું કે, આ હુમલો કરનારા આતંકવાદીઓ અને તેની પાછળ કાવતરું ઘડનારાઓને તેમની કલ્પના કરતાં પણ મોટી સજા મળશે. હવે સમય આવી ગયો છે કે, આતંકવાદીઓ પાસે જે કંઈ પણ નાનું-મોટુ મેદાન બચ્યું છે તેનો નાશ કરવામાં આવશે.પ્રધાનમંત્રીએ કહ્યું કે, ૨૨ એપ્રિલના રોજ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ જે ક્રૂરતાથી નિર્દોષ નાગરિકોની હત્યા કરી તેનાથી સમગ્ર રાષ્ટ્ર દુઃખી છે. બધા દુઃખી છે. દેશ તમામ અસરગ્રસ્ત પરિવારોની સાથે ઉભો છે. સરકાર એ પણ સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરી રહી છે કે, સારવાર હેઠળ રહેલા પરિવારના સભ્યો જલ્દી સ્વસ્થ થાય. આ આતંકવાદી હુમલામાં કોઈએ પોતાનો પુત્ર ગુમાવ્યો, કોઈએ પોતાનો ભાઈ ગુમાવ્યો તો કોઈએ પોતાનો જીવનસાથી ગુમાવ્યો છે. તે બધા અલગ અલગ સ્થળોના હતા.

'બિહારની ભૂમિ પરથી, હું આખી દુનિયાને કહું છું કે ભારત દરેક આતંકવાદી અને તેના સાથીદારોને ઓળખશે, શોધી કાઢશે અને સજા કરશે.' આપણે તેમને પૃથ્વીના ગમે તે ખુણામાં જશે તો પણ છોડવાના નથી. આતંકવાદથી ભારતનો આત્મા તૂટી જવાનો નથી. ન્યાય થશે અને આ માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવશે. આ મુદ્દા પર આખો દેશ એક સાથે ઉભો છે. માનવતામાં વિશ્વાસ રાખનારા દરેક વ્યક્તિ આપણી સાથે ઉભો છે. હું દુનિયાના દેશોના લોકો અને નેતાઓનો આભાર માનું છું જેઓ આપણી સાથે ઉભા છે.પહેલગામ આતંકવાદી હુમલા પછી, પીએમ નરેન્દ્ર મોદીએ બિહારની ધરતી પરથી પાકિસ્તાનમાં બેઠેલા આતંકના માસ્ટર્સને સીધો સંદેશ આપ્યો. પીએમ મોદીએ ગુરુવારે (૨૪ એપ્રિલ, ૨૦૨૫) મધુબનીમાં સૌપ્રથમ હાથ જોડીને અને આંખો બંધ કરીને પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી. પીએમ મોદી તેમના ભાષણ દરમિયાન મોટાભાગનો સમય હિન્દીમાં બોલતા હતા, પરંતુ જ્યારે પહેલગામ પર દુનિયાને સંદેશ આપવાની વાત આવી ત્યારે તેમણે અંગ્રેજીનો સહારો લીધો. તમે ઉપર વાંચેલી આક્રમક વાતો પીએમ મોદીએ જાણી જોઈને અંગ્રેજીમાં કહી હતી જેથી તેમનો સંદેશ વિશ્વ સુધી સ્પષ્ટ અને સચોટ રીતે પહોંચે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, તેમાંથી કેટલાક બંગાળી બોલતા હતા, કેટલાક કન્નડ બોલતા હતા, કેટલાક મરાઠી હતા, કેટલાક ઉડિયા હતા અને કેટલાક બિહારના હતા. આજે, કારગિલથી કન્યાકુમારી સુધી, તે બધા લોકોના મૃત્યુ પર આપણું દુઃખ સમાન છે. આપણો ગુસ્સો પણ એ જ છે. નિઃશસ્ત્ર પ્રવાસીઓ પર એક પણ હુમલો થયો નથી. દેશના દુશ્મનોએ ભારતની આત્મા પર હુમલો કરવાની હિંમત કરી છે. હું ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહેવા માંગુ છું કે, આ હુમલો કરનારા આતંકવાદીઓ અને આ હુમલાનું કાવતરું ઘડનારાઓને તેમની કલ્પના કરતાં પણ મોટી સજા મળશે. સજા એકસાથે આપવામાં આવશે. હવે આતંકવાદીઓની બાકી રહેલી જમીનનો નાશ કરવાનો સમય આવી ગયો છે. ૧૪૦ કરોડ ભારતીયોની ઈચ્છાશક્તિ હવે આતંકના માસ્ટર્સની કમર તોડી નાખશે.પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજે પંચાયતી રાજ દિવસ નિમિત્તે, આખો દેશ મિથિલા અને બિહાર સાથે જોડાયેલો છે. આજે અહીં દેશ અને બિહારના વિકાસ સાથે જોડાયેલા હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. વીજળી, રેલ્વે અને માળખાગત સુવિધાઓ સંબંધિત આ વિવિધ કાર્યો બિહારમાં રોજગારની નવી તકો ઉભી કરશે. છેલ્લા દાયકામાં, પંચાયતોને સશક્ત બનાવવા માટે એક પછી એક પગલાં લેવામાં આવ્યા છે. ટેકનોલોજી દ્વારા પંચાયતોને પણ મજબૂત બનાવવામાં આવી છે.

પીએમ મોદીના ભાષણને લાઈવ જોનારા ઘણા યુઝર્સે લખ્યું, પીઓકે પાછું લઈ લો. ઘણા યુઝર્સે લખ્યું કે, અમને આખું પાકિસ્તાન જોઈએ છે. એક યુઝરે લખ્યું કે, POK પાછું લેવું એ પાકિસ્તાન માટે યોગ્ય ઉકેલ છે. બીજા એક યુઝરે લખ્યું કે, અમને ફક્ત POK જોઈએ છે બીજું કંઈ નહીં. એક યુઝરે લખ્યું કે, POK એકમાત્ર કાયમી ઉકેલ છે. ૨૨ એપ્રિલના રોજ, જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં, આતંકવાદીઓએ લોકોને તેમનો ધર્મ અને નામ પૂછીને ગોળી મારી દીધી હતી. આ ઘટનામાં ૨૮ લોકોના મોત થયા હતા. મૃતકોમાં મોટાભાગના પ્રવાસીઓ છે. આ હુમલા બાદ દેશમાં પાકિસ્તાન સામે ગુસ્સો છે. રસ્તાઓ પર દેખાવો થઈ રહ્યા છે. આ દરમિયાન, દિલ્હીમાં શ્રેણીબદ્ધ બેઠકો ચાલી રહી છે. બુધવારે મોદી સરકારે પાકિસ્તાન પર રાજદ્વારી હુમલો કર્યો હતો. તેણે સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી અને રાજદ્વારી સંબંધો પણ કાપી નાખ્યા હતા. એટલું જ નહીં, તેમણે અટારી બોર્ડર પણ બંધ કરી દીધી છે.

---

### પાણી રોકવું એ યુદ્ધના આહ્વાન સમાન : પાકિસ્તાન

# ભારતના એક્શન બાદ પાકિસ્તાને એરસ્પેસ-વેપાર પર રોક લગાવી

**હવે ભારતીય ફ્લાઇટ્સને પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં : શાહબાઝ**

ઈસ્લામાબાદ, તા.૨૪

જમ્મુ-કાશ્મીરના પહરલગામમાં મંગળવારે (૨૨ એપ્રિલે) ભયાનક આતંકવાદી હુમલો થયા બાદ ભારત પાકિસ્તાન વિરુદ્ધ કડકાઈથી કાર્યવાહી કરી છે. ભારતે ૧૯૬૦ સિંધુ જળ સમજૂતી ખતમ કરવા સહિત અનેક પગલા ભર્યા છે, જેના કારણે પાકિસ્તાનમાં ખળભળાટ મચી ગયો છે. ભારતના નિર્ણયની અસર આખા પાકિસ્તાન પર પડી છે. આ જ ક્રમમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ગુરુવારે (૨૪ એપ્રિલ, ૨૦૨૫) એક ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠક પણ બોલાવી હતી, જેમાં તેમણે ભારતીય ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાનો આદેશ આપ્યો છે. એટલું જ નહીં શાહબાજ સરકારે કહ્યું કે, પાણી રોકવું યુદ્ધ જેવી કાર્યવાહી છે.પાકિસ્તાનના વડાપ્રધાનની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં તેઓએ ભારત આવતી અને જતી કોમર્શિયલ ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. શાહબાઝ સરકારના જણાવ્યા અનુસાર, હવે ભારતીય ફ્લાઈટ્સને પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના અને રાજદ્વારીઓને ભારતમાંથી હાંકી કાઢવાના ભારતના નિર્ણયથી પાકિસ્તાન નારાજ છે. આ ઉપરાંત સરકારે એમ પણ કહ્યું છે કે, પાણી રોકવું એ યુદ્ધ જેવી કાર્યવાહી છે.પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઈશાક ડારે બુધવારે મોડી રાત્રે એક ખાનગી ટેલિવિઝન ચેનલ સાથે વાત કરતા ભારતના આ પગલાને ઉતાવળમાં લેવાયેલો નિર્ણય ગણાવ્યો હતો. પહેલગામ હુમલા પછી જેદ્દાહથી તાત્કાલિક પરત ફરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિમાન પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાંથી પસાર થયું નહીં અને અન્ય રસ્તેથી પસાર થયું હતું. આ પહેલા મંગળવારે (૨૨ એપ્રિલ) જેદ્દાહ જતી વખતે વડાપ્રધાન મોદીનું વિમાન પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાંથી પસાર થયું હતું.ઉલ્લેખનીય છે કે, આતંકવાદીઓએ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓ પર આડેધડ ગોળીબાર કર્યો હતો, જેમાં ૨૬ લોકોના મોત અને ૧૭ લોકોને ઈજા થઈ હતી. આ કાયરતાપૂર્વકની અને ભયાનક ઘટના બાદ દેશભરમાં રોષ ભભૂક્યો હતો. એટલું જ નહીં વિદેશમાં પણ હુમલાના પડઘા પડ્યા હતા. હુમલા બાદ સુરક્ષા દળો અનેક વિસ્તારોમાં સર્ચ ઓપરેશન કરી રહ્યા છે. બીજીતરફ કેન્દ્ર સરકારે ગઈકાલે સિંધુ જળ સમજૂતી સહિતના મોટા મોટા નિર્ણય લઈને પાકિસ્તાનને મુશ્કેલીમાં મુકી દીધું છે. પહલગામમાં ભયાનક આતંકવાદી હુમલો થયા બાદ કેન્દ્ર સરકારે કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે.

---

### મૃતકના દીકરાએ વર્ણવી પહલગામ આતંકી ઘટના

# હિન્દુ-મુસલમાન અલગ અલગ થઇ જાઓ, કલમા પઢો કહી હિન્દુઓને મારી નાંખ્યા

**બે શસ્ત્રધારી આતંકીઓ આવ્યા અને કહેવા લાગ્યા કે, હિન્દુઓ અને મુસલમાનો અલગ અલગ થઇ જાઓ**

પહેલગામ, તા.૨૪

પહલગામમાં થયેલા પહેલગામ હુમલા બાદ વધુ એક મોટુ અપડેટ સામે આવ્યુ છે, આતંકી હુમલામાં શિકાર બનેલા પરિવારના પુત્રએ સમગ્ર ઘટના અંગે આપવીતી વર્ણવી છે, પહેલગામ આતંકી હુમલામાં સુરતના જ વ્યક્તિનું મૃત્યુ થયું છે તેનું નામ શૈલેષ કળથિયા છે અને શૈલેષ કળથિયાના પુત્રએ આપવીતિ વર્ણવતા સરકાર પર કટાક્ષ કર્યો અને સલાહ પણ આપી છે. મૃતક શૈલેષ કળથિયાના પુત્રએ પહેલગામ આતંકી હુમલા અંગે મીડિયા સમક્ષ વાત કરતાં જણાવ્યું કે, અમે પરિવાર સાથે પહેલગામ પહોંચ્યા હતા, હું મમ્મી-પપ્પાએ મને ઘોડા પર બેસાડ્યો અને તેઓ ચાલતા આવતા હતા, જ્યારે અમે ઉપર પહોંચ્યા ત્યારે, અમારી નજીક કંઈક બનવા લાગ્યુ. બે શસ્ત્રધારી આતંકીઓ આવ્યા અને કહેવા લાગ્યા કે, હિન્દુઓ અને મુસલમાનો અલગ અલગ થઈ જાઓ. તે સમયે અમે ત્યાં ૨૦થી ૩૦ લોકો હાજર હતા. આતંકવાદીઓએ હિન્દુ અને મુસ્લિમોને અલગ અલગ કર્યા અને કલમા પઢવાનું કહ્યું, જેઓએ કલમા પઢ્યા તેમને છોડી મુક્યા, અને હિન્દુ પુરુષોને ગોળીએ વીંધી દીધા, હિન્દુઓ પર અંધાધૂંધ ફાયરિંગ કર્યુ, આતંકવાદીઓ અમારાથી ફક્ત બેથી ત્રણ ફૂટના અંતરે જ હતા, પછીથી આતંકીઓએ બૂમ પાડી બાળકો ભાગી જાઓ અહીંથી, અને ત્યાંથી ભાગવા લાગ્યા અને તરત જ આંતકીઓ ગાયબ થઈ ગયા. રાજનાથ સિંહ વિવિધ પક્ષોના નેતાઓને પ્રવાસીઓને નિશાન બનાવતા આતંકવાદી હુમલા વિશે માહિતી આપી શકે છે, જેમાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. બુધવારે સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદી હુમલાના પગલે સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકની અધ્યક્ષતા કરી હતી. બુધવારે સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) ની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પાકિસ્તાન વિરુદ્ધ પાંચ કડક નિર્ણયો લેવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદી સાથે ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વિદેશ મંત્રી એસ. જયશંકર હાજર હતા. બેઠક બાદ વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ પત્રકાર પરિષદમાં આ નિર્ણયો વિશે માહિતી આપી હતી. સૌથી મોટો નિર્ણય એ લેવામાં આવ્યો કે ભારત-પાકિસ્તાન સરહદ પર સ્થિત અટારી બોર્ડર ચેકપોસ્ટ બંધ કરવામાં આવશે. આ પગલાને કારણે બંને દેશો વચ્ચે મર્યાદિત અવરજવર પણ સંપૂર્ણપણે બંધ થઈ જશે.

---

### આતંકી હુમલા પછી સેલિબ્રેશન?

# પાકિસ્તાની દૂતાવાસની અંદર વ્યક્તિ કેક લઈને જતો જોવા મળ્યો

**આ ઘટના સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે અને તેના ઈરાદા પર વિવિધ સવાલો ઉભા થઈ રહ્યા છે**

નવી દિલ્હી, તા. ૨૪

પહેલગામમાં થયેલા ભયાનક આતંકી હુમલા બાદ ગુરુવારે નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનની બહાર નાટકીય દ્રશ્યો જોવા મળ્યા હતા. એક વ્યક્તિ કેકનું બોક્સ લઈને હાઈ કમિશન તરફ જતો જોવા મળ્યો હતો અને ત્યાં હાજર સુરક્ષા કર્મચારીઓને સતર્ક થઈ ગયા હતા. આ ઘટના સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે અને તેના ઈરાદા પર વિવિધ સવાલો ઉભા થઈ રહ્યા છે.હાઈ કમિશનની બહાર 'પાકિસ્તાન હાય હાય'ના નારા લાગ્યા હતા. તે જ સમયે, કેક બોક્સ સાથે હાઈ કમિશનનો સંપર્ક કરનાર વ્યક્તિનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. એક યુઝરે લખ્યું, "એક મોટી કેક, મીડિયા તરફથી મૌન અને તે સમય જ્યારે આખો દેશ આઘાતમાં છે. જો તે સેલિબ્રેશન ન હોત તો આટલી ગુપ્તતા શા માટે? શરમજનક દ્રશ્ય." અન્ય એક યુઝરે કટાક્ષ કરતા લખ્યું, "હું દિલ્હીમાં ફ્લેટ શોધી રહ્યો છું. શું તે પાકિસ્તાન હાઈ કમિશન ખરીદી શકે છે કે ભાડે લઈ શકે છે?" કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS) દ્વારા લેવામાં આવેલા નિર્ણયો હેઠળ, નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનના સંરક્ષણ, નૌકાદળ અને વાયુસેના સલાહકારોને "અનિચ્છનીય વ્યક્તિઓ" જાહેર કરવામાં આવ્યા છે અને એક સપ્તાહની અંદર ભારત છોડવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. અટારી ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ (ICP) તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી છે. ફક્ત તે જ લોકોને પરત આવવાની મંજૂરી છે જેઓ માન્ય પરમિટ હેઠળ ૧ મે પહેલા ભારતમાં પ્રવેશ્યા હતા.

આ હુમલાની જવાબદારી "ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ" (TRF) દ્વારા લેવામાં આવી છે, જે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલ હોવાનું માનવામાં આવે છે. આ દર્શાવે છે કે આ હુમલો સંપૂર્ણપણે આયોજનબદ્ધ અને પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યો હતો.

---

### પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ નિર્ણય

# અમેરિકાએ પોતાના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી

**એડવાઈઝરીમાં નાગરિકોને કહેવામાં આવ્યું છે કે તેઓ ભારત-પાકિસ્તાન સરહદના ૧૦ કિમીના દાયરામાં મુસાફરી ન કરે**

વૉશિંગ્ટન,તા. ૨૪

ઈસ્લામિક આતંકીઓ દ્વારા જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં કરવામાં આવેલા અમાનવીય હુમલા બાદ ભારત સહિત દુનિયાભરના દેશો જેહાદીઓ પ્રત્યે ધિક્કાર વરસાવી રહ્યા છે એટલું જ નહીં પરંતુ લોકો હવે જમ્મુ-કાશ્મીર જવાનું પણ ટાળી રહ્યા છે. એક અહેવાલ પ્રમાણ છેલ્લા ૨૪ કલાકમાં સમગ્ર ભારતમાંથી ૯૦ ટકા પ્રવાસીઓએ તેમના કાશ્મીર પ્રવાસનાં બુકિંગ રદ્દ કરી દીધાં છે. તો બીજી તરફ અમેરિકા સહિત વિશ્વના દેશો તેમના નાગરિકોને હમણાં કાશ્મીર નહીં જવા સલાહ આપી રહ્યા છે. અમેરિકાએ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પોતાના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. અમેરિકા દ્વારા જારી કરાયેલી ટ્રાવેલ એડવાઈઝરીમાં નાગરિકોને કહેવામાં આવ્યું છે કે તેઓ ભારત-પાકિસ્તાન સરહદના ૧૦ કિલોમીટરના દાયરામાં મુસાફરી ન કરે. અમેરિકી નાગરિકો માટે આ એડવાઈઝરી બુધવારે જારી કરવામાં આવી છે.અમેરિકાના વિદેશ વિભાગ દ્વારા જારી કરાયેલી એડવાઈઝરીમાં જણાવાયું છે, "જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં આતંકવાદી હુમલા અને હિંસક અશાંતિ શક્ય છે. આ રાજ્યની મુસાફરી ન કરો (પૂર્વ લદ્દાખ વિસ્તાર અને તેની રાજધાની લેહની મુસાફરી સિવાય). આ વિસ્તારમાં છૂટાછવાયા રૂપે હિંસા થાય છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની નિયંત્રણ રેખા (એલઓસી) પર આ સામાન્ય બાબત છે. હિંસા કાશ્મીર ખીણના પ્રવાસન સ્થળોઃ શ્રીનગર, ગુલમર્ગ અને પહેલગામમાં પણ થાય છે."સશસ્ત્ર સંઘર્ષની આશંકા વધી છે ટ્રાવેલ એડવાઈઝરીમાં અમેરિકી વિદેશ વિભાગે પોતાના નાગરિકોને ભારત-પાકિસ્તાન સરહદના ૧૦ કિલોમીટરના વિસ્તારમાં જવાથી પણ બચવા જણાવ્યું છે, કારણ કે અહીં સશસ્ત્ર સંઘર્ષની આશંકા વધી ગઈ છે.આ અગાઉ પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ગઈકાલે બુધવારે રાત્રે ભારતે ૧૯૬૦ની સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી છે. ભારતે પાકિસ્તાન સાથે રાજદ્વારી સંબંધો ઘટાડવાની પણ જાહેરાત કરી છે. આ પહેલાં મંગળવારે આતંકવાદીઓએ કાશ્મીરના પહેલગામમાં ગોળીબાર કર્યો હતો, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. આ ૨૦૧૯માં પુલવામા હુમલા બાદ ખીણમાં સૌથી ઘાતક હુમલો હતો.

---

### હવે લશ્કરી સ્તરે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે

# INS સુરત યુદ્ધ જહાજ પરથી મિસાઈલનું સફળ પરીક્ષણ

**જે સમુદ્રમાં પાકિસ્તાન કરવાનું હતું મિસાઈલ પરીક્ષણ, ત્યાં ભારતીય નેવીએ બતાવી હતી પોતાની તાકાત**

નવી દિલ્હી, તા.૨૪

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકાર એક્શન મોડમાં છે. એક દિવસ પહેલા પડોશી દેશ વિરુદ્ધ મોટા નિર્ણયો લીધા બાદ, હવે લશ્કરી સ્તરે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને આ માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ દરમિયાન, ભારતીય નૌકાદળે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે.ભારતીય નૌકાદળના સ્વદેશી રીતે નિર્મિત યુદ્ધ જહાજ INSએ સુરત ખાતે સમુદ્રમાં ઝડપથી ઉડતા લક્ષ્ય પર સચોટ હુમલો કરીને મોટી સફળતા મેળવી છે. આ સિદ્ધિ નૌકાદળની તાકાતને વધુ મજબૂત બનાવે છે. આ સફળતા સ્વદેશી યુદ્ધ જહાજ ડિઝાઇન, ડેવલપમેન્ટ અને કામગીરીમાં ભારતીય નૌકાદળની વધતી જતી શક્તિ દર્શાવે છે. આ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતના વિઝનને વધુ મજબૂત બનાવે છે.અરબી સમુદ્રમાં કરવામાં આવેલું આ સફળ પરીક્ષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે પાકિસ્તાન પણ આ જ વિસ્તારમાં મિસાઈલનું પરીક્ષણ કરવા જઈ રહ્યું છે. માહિતી અનુસાર, પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા ઝડપી નિર્ણયો બાદ, પાકિસ્તાન એક મિસાઈલ પરીક્ષણ કરવા જઈ રહ્યું છે અને પાકિસ્તાને આ સંદર્ભમાં એક સૂચના જારી કરી છે.પાકિસ્તાને અરબી સમુદ્ર ક્ષેત્રમાં મિસાઈલનું પરીક્ષણ કરવાનો નિર્ણય લીધો છે. આ મિસાઈલ સપાટીથી સપાટી પર પ્રહાર કરશે અને તેનું પરીક્ષણ ૨૪-૨૫ એપ્રિલના રોજ કરાચી કિનારે કરવામાં આવશે. ભારતની તપાસ એજન્સીઓ આ ઘટનાક્રમ પર નજર રાખી રહી છે. આ અંગે ગૃહ મંત્રાલયમાં ગૃહ સચિવ સાથે ઇછઉ અને IB વડાઓની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ રહી છે.તમને જણાવી દઈએ કે પહેલગામ હુમલા બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (CCS) એ બુધવારે સિંધુ જળ સંધિને તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધી હતી. આ પહેલી વાર છે જ્યારે ભારતે આટલી મોટી અને કડક કાર્યવાહી કરી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણ મોટા યુદ્ધો થયા છે પરંતુ આ સંધિ પહેલાં ક્યારેય સ્થગિત કરવામાં આવી નથી.

---

### એક જવાનની વીરગતિ

# જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં આતંકવાદીઓ સાથે અથડામણ

**લેફ્ટનન્ટ કર્નલ સુનીલ બરટવાલે કહ્યું, "દુદુ-બસંતગઢ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર થયો હતો**

જમ્મુ, તા. ૨૪

પહેલગામમાં થયેલા દુઃખદ આતંકી હુમલાના થોડા દિવસો બાદ જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના ડુડુ-બસંતગઢ વિસ્તારમાં ગુરુવારે (૨૪ એપ્રિલ) સવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. લેફ્ટનન્ટ કર્નલ સુનીલ બરટવાલે કહ્યું, "દુદુ-બસંતગઢ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર ચાલુ છે." તેમણે કહ્યું કે એન્કાઉન્ટર સંબંધિત સંપૂર્ણ માહિતીની રાહ જોવાઈ રહી છે. મળતી માહિતી મુજબ, પ્રારંભિક એન્કાઉન્ટરમાં એક જવાન વીરગતિ પામ્યો છે.

એવું માનવામાં આવે છે કે આ આતંકવાદીઓ કદાચ એ જ મોટા જૂથનો ભાગ છે જેણે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને હીરાનગર સેક્ટરથી ભારતમાં પ્રવેશ કર્યો હતો. સાનિયાલ ગામ પાસેના ડોલકા જંગલમાં એક દંપતીની સતર્કતાને કારણે આ જૂથ પહેલીવાર ૨૩ માર્ચે જોવા મળ્યું હતું. આ પછી ૨૭ માર્ચે કઠુઆ જિલ્લાના જાખોલે ગામ પાસે સુફાન જંગલોમાં એન્કાઉન્ટરમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. એ જ રીતે, ૧૧-૧૨ એપ્રિલના રોજ, કિશ્તવાડ જિલ્લાના ચત્રુ વિસ્તારના નદગામ જંગલોમાં સેનાના વિશેષ ઓપરેશનમાં ત્રણ જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓ માર્યા ગયા હતા.મંગળવારે આતંકવાદીઓએ જમ્મુ અને કાશ્મીરના પ્રખ્યાત પર્યટન સ્થળ પહેલગામ પર હુમલો કર્યો હતો, જેમાં ૨૬ પ્રવાસીઓ માર્યા ગયા હતા. આ હુમલાએ સમગ્ર દેશને હચમચાવી દીધો હતો અને સમગ્ર વિશ્વમાં તેની સખત નિંદા કરવામાં આવી હતી. હવે ઉધમપુરમાં આતંકવાદીઓની હાજરી અને એન્કાઉન્ટરથી એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે ઘૂસણખોરી અને આતંકવાદી ગતિવિધિઓ ઝડપથી વધી રહી છે અને તેનો વ્યાપ પણ વધી શકે છે.હાલમાં ડુડુ-બસંતગઢ વિસ્તારમાં વધારાના સુરક્ષા દળો મોકલવામાં આવ્યા છે અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે. સુરક્ષા દળોનું સર્ચ ઓપરેશન ચાલુ છે અને દરેક સ્તરે કડક તકેદારી રાખવામાં આવી રહી છે. સરકાર અને સુરક્ષા દળોની યોજનાઓ હવે આતંકવાદીઓના સમગ્ર નેટવર્કને ખતમ કરવા પર કેન્દ્રિત છે.

---

### કુરાન શરીફનો ઉલ્લેખ કર્યો

# પહેલગામ આતંકવાદી હુમલા પછી મુસલમાનો પર ભડક્યા સલીમ મર્ચન્ટ

પહેલગામ, તા. ૨૪

પહેલગામમાં થયેલા હત્યાકાંડે દરેકના આત્માને હચમચાવી દીધા છે. આ હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી હતી, જ્યારે બોલિવૂડ સેલિબ્રિટીઓએ પણ આ આતંકવાદી હુમલાની આકરી નિંદા કરી હતી. હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રખ્યાત ગાયક અને સંગીતકાર સલીમ મર્ચન્ટે આ કાયરતાપૂર્ણ કૃત્ય પર પ્રતિક્રિયા આપી છે. સલીમે એક વીડિયો શેર કરીને મુસ્લિમોના આ કૃત્ય પર શરમ અને ગુસ્સો વ્યક્ત કર્યો છે.સલીમ મર્ચન્ટ વીડિયોમાં કહી રહ્યા છે- 'પહલગામમાં જે નિર્દોષ લોકો માર્યા ગયા તે એટલા માટે થયા કે તેઓ હિન્દુ હતા, મુસ્લિમ નહીં. શું આ હત્યારા મુસ્લિમ છે? ના, તે આતંકવાદી છે કારણ કે ઈસ્લામ આ શીખવતો નથી. પવિત્ર કુરાનમાં, સુરત અલ બકરાહ, સુરત ૨, શ્લોક ૨૫૬ માં કહેવામાં આવ્યું છે કે ધર્મની બાબતોમાં કોઈ જબરદસ્તી નથી. કુરાન-એ-શરીફમાં આ લખ્યું છે.તેણે વધુમાં કહ્યું, 'એક મુસ્લિમ તરીકે મને શરમ આવે છે કે મારે એ દિવસ જોવો પડે છે જ્યારે મારા નિર્દોષ હિન્દુ ભાઈ-બહેનોની આટલી ક્રૂરતાથી હત્યા કરવામાં આવી હોય. માત્ર એટલા માટે કે તે હિંદુ છે. આ બધું ક્યારે સમાપ્ત થશે? કાશ્મીરના લોકો જે છેલ્લા બે-ત્રણ વર્ષથી સારી રીતે જીવી રહ્યા હતા તેઓ ફરીથી તેમના જીવનમાં સમાન સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. હું મારા દુઃખ અને ગુસ્સાને કેવી રીતે વ્યક્ત કરું તે સમજી શકતો નથી. હું મારું માથું ઝુકાવું છું અને નિર્દોષ લોકો માટે પ્રાર્થના કરું છું જેમણે પોતાનો જીવ ગુમાવ્યો છે. ભગવાન તેમને અને તેમના પરિવારને આ નુકસાન સહન કરવાની શક્તિ અને સમૃદ્ધિ આપે. ઓમ શાંતિ.' સલીમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે. લોકો આના પર કમેન્ટ કરી રહ્યા છે અને સલીમની વિચારસરણીના વખાણ કરી રહ્યા છે. તે જ સમયે, તેઓ એમ પણ કહી રહ્યા છે કે અન્ય લોકોએ પણ તેને તે જ રીતે જોવું જોઈએ

---

### શેરબજારમાં સાત દિવસની તેજી પર બ્રેક

# શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટી ઘટાડા સાથે બંધ

**ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ ૩૧૫.૦૬ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા ઘટીને ૭૯,૮૦૧.૪૩ પર બંધ થયો હતો**

મુંબઈ, તા.૨૪

એપ્રિલ સિરીઝની સમાપ્તિના દિવસે બજાર એક રેન્જમાં ટ્રેડિંગ કરતું જોવા મળ્યું. સેન્સેક્સ, નિફ્ટી ૭ દિવસના વધારા પછી ઘટીને બંધ થયા. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ ફ્લેટ બંધ થયા. રિયલ્ટી અને FMCG શેરો પર દબાણ જોવા મળ્યું. આઈટી, બેંકિંગ ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયા. ફાર્મા, મેટલ ઈન્ડેક્સ વધારા સાથે બંધ થયા.નિફ્ટીમાં HUL, ભારતી એરટેલ, આઈશર મોટર્સ, ONGC, શ્રીરામ ફાઈનાન્સ સૌથી વધુ નુકસાન કરનારા શેર છે. જ્યારે ઈન્ડસઈન્ડ બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા મોટર્સ, ટાટા કન્ઝ્યુમર નિફ્ટીના ટોચના લાભકર્તા છે. FMCG, રિયલ્ટી સૂચકાંકો ૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ ૩૧૫.૦૬ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા ઘટીને ૭૯,૮૦૧.૪૩ પર બંધ થયો. નિફ્ટી ૮૨.૨૫ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૨૪,૨૪૬.૭૦ પર બંધ થયો. આ તરફ પાકિસ્તાનના શેર માર્કેટમાં જબરજસ્ત કડાકો બોલ્યો છે. પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે જે એક્શન લીધા તે પછી આજે ખુલતાની સાથે જ પાકિસ્તાની શેરબજાર ક્રેશ થઈ ગયું. ગુરુવારે શરૂઆતના વેપારમાં પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ (PSX) માં ભારે ઘટાડો નોંધાયો હતો. આજે શરૂઆતના વેપારમાં પાકિસ્તાનનો KSE-100ઈન્ડેક્સ ૨.૧૨ ટકા (૨૪૮૫.૮૫ પોઈન્ટ) ઘટીને ૧,૧૪,૭૪૦.૨૯પોઈન્ટ પર આવી ગયો.

### આંધી-વંટોળ સાથે ભારે વરસાદની આગાહી

# દિલ્હી સહિત ૧૧ રાજ્યોમાં ભીષણ ગરમીનું યલો એલર્ટ

## આગામી છ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે

નવી દિલ્હી, તા.૨૪

હવામાન વિભાગએ આગામી સાત દિવસમાં દેશના વિવિધ ભાગોમાં ગરમીનું મોજું અને ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. આગામી ૨૪ કલાક દરમિયાન દિલ્હી સહિત ૧૧ રાજ્યોમાં તીવ્ર ગરમી પડવાની શક્યતા છે. જ્યારે કેટલાક રાજ્યોમાં વાવાઝોડા અને ભારે વરસાદની શક્યતા છે.આગામી છ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે. મધ્ય ભારત અને ગુજરાતમાં આગામી ત્રણ દિવસમાં ૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે, જ્યારે પૂર્વ ભારતમાં ૪થી ૬ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આજે પૂર્વી રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, ઓડિશા, પંજાબ અને દિલ્હીમાં તીવ્ર ગરમીની અસર જોવા મળી શકે છે. ૨૪થી ૨૬ એપ્રિલ દરમિયાન બિહાર અને ઝારખંડના ઘણાં વિસ્તારોમાં રાત્રિનું તાપમાન પણ ઊંચું રહેવાની ધારણા છે.આગામી ત્રણ દિવસ સુધી દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં હવામાન શુષ્ક રહેવાની ધારણા છે, મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી વધવાની ધારણા છે. ૨૫મીથી ૨૬મી એપ્રિલથી શુક્રવાર અને શનિવારે તીવ્ર ગરમી માટે પીળો ચેતવણી જારી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં, મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ અને ૪૦ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સેલ્સિયસ અને ૨૬ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે હતું.આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં ૨૪થી ૨૬ એપ્રિલ દરમિયાન ભારે વરસાદ પડી શકે છે. ૨૪મી એપ્રિલે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ભારે વરસાદ સાથે વાવાઝોડાનો અનુભવ થઈ શકે છે. આ રાજ્યોમાં ૩૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ, કેરળ, આંધ્ર પ્રદેશ અને કર્ણાટક સહિત દક્ષિણ ભારતના રાજ્યોમાં ભારે પવન સાથે વરસાદની સંભાવના છે.

આગામી સાત દિવસમાં તમિલનાડુ, પુડુચેરી અને તેલંગાણામાં વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે.પશ્ચિમી વિક્ષેપના કારણે જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા હિમાલયી રાજ્યોમાં વીજળી, ગાજવીજ અને ભારે પવન ફૂંકાઈ શકે છે. આ હવામાન પેટર્ન ઉત્તર અને મધ્ય પાકિસ્તાન પર સક્રિય ચક્રવાતી સિસ્ટમને કારણે છે.

### પહેલગામ આંતકી હુમલામાં મૃત્યુ પામ્યા હતા

# ભાવનગરના સ્વર્ગસ્થ પિતા-પુત્રને મુખ્યમંત્રીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક સંતૃપ્ત પરિવારજનોને ઘરે જઈ પરિવારજનોને સાંત્વના પાઠવી સંવેદના વ્યક્ત કરી

ભાવનગર,તા. ૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જમ્મુ કાશ્મીરનાં પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના સ્વર્ગસ્થ પિતા-પુત્રને તેમના ઘરે જઈ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ભાવનગરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલ નંદનવન સોસાયટીમાં રહેતાં યતીશભાઈ સુધીરભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત યતીશભાઈ પરમારનું આતંકી હુમલામાં દુઃખદ અવસાન થયું છે. તેમના મૃતદેહને મોડી રાત્રે ભાવનગર ખાતે લાવવામાં આવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક સંતૃપ્ત પરિવારજનોને ઘરે જઈ પરિવારજનોને સાંત્વના પાઠવી સંવેદના વ્યકત કરી હતી. મુખ્યમંત્રીએ સ્વર્ગસ્થ પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. આતંકવાદી હુમલામાં માર્યા ગયેલાં પિતા-પુત્રના મૃતદેહોને ઈન્ડિગોની ફ્લાઈટમાં શ્રીનગરથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ લાવવામાં આવ્યા હતા. અમદાવાદથી રોડ માર્ગે બન્ને મૃતદેહને મધ્યરાત્રીએ ભાવનગર લવાયા હતા.

મુખ્યમંત્રીની સાથે કેન્દ્રિય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, મેયરશ્રી ભરતભાઈ બારડ, ધારાસભ્યો સર્વ જીતુભાઈ વાઘાણી, સેજલબેન પંડ્યા, ભીખાભાઈ બારૈયા, ગૌતમભાઈ ચૌહાણ, જિલ્લા કલેકટર ડૉ. મનોજકુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, રેન્જ આઈ.જી ગૌતમ પરમાર સહિતના અગ્રણીઓએ મૃતક પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી આ દુઃખની ઘડીમાં સહભાગી બન્યા હતા.

### દીકરીએ લોહીથી લથપથ વસ્ત્રોમાં આપી કાંધ

# પહલગામમાં જીવ ગુમાવનારા બે મિત્રોની સાથે અંતિમયાત્રા નીકળી

## સંતોષની અંતિમ યાત્રામાં હજારો લોકોએ ભાગ લીધો અને પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા

પૂણે, તા.૨૪

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. આ હુમલામાં માર્યા ગયેલા લોકોમાં પૂણેના રહેવાસી સંતોષ જગદાલેની પુત્રી ગુરુવારે તેના પિતાના અંતિમ સંસ્કારમાં એ જ લોહીથી લથપથ કપડાં પહેરીને લઈ ગઈ હતી જે હુમલા સમયે તેમણે પહેર્યા હતા. આ જોઈને ત્યાં હાજર લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. સંતોષની અંતિમ યાત્રામાં હજારો લોકોએ ભાગ લીધો અને પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

મંગળવારે (૨૨મી એપ્રિલ) પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં સંતોષ જગદાલેની પુત્રી અશાવરી અને તેમની પત્ની બચી ગયા હતા, પરંતુ તેમનું અને તેમના બાળપણના મિત્ર કૌસ્તુભ ગણબોટેનું મૃત્યુ નીપજ્યું હતું. આ આતંકી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા છે. ગુરુવારે (૨૪મી એપ્રિલ) સવારે જગદાલે અને ગણબોટેના મૃતદેહ પૂણે લાવવામાં આવ્યા હતા. પુણેમાં બંન્ને મિત્રોના અંતિમ સંસ્કાર નવી પેઠ વિસ્તારના વૈકુંઠ સ્થિત ઈલેક્ટ્રિક સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા હતા. આ દુઃખની ઘડીમાં આખું શહેર શોકમાં ડૂબી ગયું છે. મૃતકોના સંબંધીઓ અને હજારો અન્ય લોકો અંતિમ સંસ્કારમાં જોડાયા હતા. ૨૬ વર્ષીય અશાવરી પિતાને કાંધ આપી અને હુમલા દરમિયાન જે લોહીથી લથપથ કપડાં પહેર્યા હતા તે જ પહેર્યા જેથી તેમને આ દુર્ઘટનાની યાદ અપાવી શકાય. અંતિમ સંસ્કારમાં હાજર રહેલા લોકોએ પાકિસ્તાન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા.

અગાઉ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ)ના વડા શરદ પવારે જગદાલે અને ગણબોટેના ઘરની મુલાકાત લીધી હતી અને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમના પરિવારોએ પવારને મળીને ગુનેગારોને કડકમાં કડક સજા આપવાની માંગ કરી હતી. મહારાષ્ટ્રના મંત્રી માધુરી મિસાલે પણ જગદાલેના ઘરની મુલાકાત લીધી હતી.

### ૩૦ મિનિટ સુધી અંધાધૂંધ ગોળીબાર...

# પહલગામ આતંકી હુમલાની FIRમાં ચોંકાવનારા ઘટસ્ફોટ

## સુરક્ષા દળોને ઘટનાસ્થળે પહોંચવામાં ઘણો સમય લાગ્યો

પહેલગામ, તા.૨૪

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા અંગે નોંધાયેલી એફઆઈઆરમાં ચોંકાવનારા ઘટસ્ફોટ થયા છે. એફઆઈઆર મુજબ, આ હુમલો સંપૂર્ણપણે પૂર્વયોજિત હતો અને આતંકીઓએ સરહદ પારથી તેમના હેન્ડલરોના નિર્દેશ પર તેને અંજામ આપ્યો હતો.

આતંકીઓએ ગેરકાયદે રીતે મેળવેલા ઓટોમેટિક હથિયારોનો ઉપયોગ કરીને લગભગ ૩૦ મિનિટ સુધી અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં ૨૮ પ્રવાસીઓ માર્યા ગયા. આ હુમલો મંગળવાર (૨૨મી એપ્રિલ) બપોરે ૧.૫૦થી ૨.૨૦ વાગ્યાની વચ્ચે થયો હતો.

અહેવાલ અનુસાર, FIRમાં જણાવાયું છે કે હુમલાખોરો આર્મી જવાનોના કપડામાં હતા અને અચાનક બેસરન ખીણની આસપાસના ગાઢ પાઈન જંગલોમાંથી બહાર આવ્યા. આ દરમિયાન પ્રવાસીઓ હરિયાળીનો આનંદ માણી રહ્યા હતા. અચાનક ગોળીબાર અને ચીસોનો અવાજ આવ્યો. થોડીવારમાં ઘણાં લોકો જમીન પર પડી ગયા અને ઘણાં ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસને બપોરે ૨.૩૦ વાગ્યે હુમલાની માહિતી મળી હતી અને સુરક્ષા દળો ઘટનાસ્થળે પહોંચ્યા ત્યાં સુધીમાં હુમલાખોરો ભાગી ગયા હતા. બેસરન સુધી જવા માટે કોઈ મોટરેબલ રસ્તો ન હોવાથી, સુરક્ષા દળોને ત્યાં પહોંચવામાં ઘણો સમય લાગ્યો.

એફઆઈઆરમાં જણાવાયું છે કે, પોલીસને સૂત્રો પાસેથી માહિતી મળી હતી કે સરહદ પારથી તેમના આકાઓ દ્વારા આપવામાં આવેલા નિર્દેશો પર ગેરકાયદે ઓટોમેટિક હથિયારોનો ઉપયોગ કરીને પહેલગામના બેસરન ખાતે આતંકી દ્વારા પૂર્વ આયોજિત હુમલો કરવામાં આવ્યોહતો. આ હુમલાનો હેતુ માત્ર હત્યા કરવાનો જ નહીં પરંતુ લોકોમાં ભય અને આતંક ફેલાવવાનો પણ હતો.

આ મામલે ભારતીય દંડ સંહિતા(IPC)ની અનેક કડક કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ભારતીય દંડ સંહિતા(IPC)ની કલમ ૧૧, ૧૦૩અને૧૦૯, ગેરકાયદે પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA), અને શસ્ત્ર અધિનિયમ સહિત ગંભીર જોગવાઈઓ હેઠળ FIR નોંધવામાં આવી હતી. આર્મ્સ અધિનિયમની કલમ ૭ અને ૨૭, અને UAPAની કલમ ૧૬, ૧૮ અને ૨૦ પણ લાગુ કરવામાં આવી છે.

### રાષ્ટ્રપતિને હુમલા વિશે માહિતી આપી

# અમિત શાહ અને જયશંકરે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

## જયશંકરે ૨૦ દેશોના રાજદૂતો સાથે કરી સિક્રેટ બેઠક

પહેલગામ, તા.૨૪

પહેલગામ આતંકી હુમલા બાદ આખા દેશમાં આક્રોશ છવાયેલો છે. લોકો ૨૮ નાગરિકોના મોત સામે બદલો લેવાની માંગ કરી રહ્યાં છે. ત્યારે આ વચ્ચે કંઈક એવું બન્યું છે, જેનાથી ભારત પાકિસ્તાન સામે બદલો લેશે તેવો અંદેશો આવી રહ્યો છે. ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી જયશંકરે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી છે અને તેમને હુમલા વિશે માહિતી આપી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ સાથે ગૃહમંત્રીએ અચાનક મુલાકાત કરતા ચર્ચા વહેતી થઈ છે. ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી છે. વિદેશમંત્રી એસ જયશંકર પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં છે. ગૃહમંત્રીએ પહલગામ હુમલાની જાણકારી આપી છે.

ભારતે એકાએક વિવિધ દેશોના રાજદૂતો સાથે બેઠક કરી છે. કેટલાક વિદેશના રાજનાયિકો વિદેશ મંત્રાલય પહોંચ્યા છે. ૨૦ દેશોના રાજનાયિકો વિદેશ મંત્રાલય પહોંચ્યા છે. જેઓને પહેલગામ હુમલાની જાણકારી આપવામાં આવશે. ભારતે પહેલગામ આતંકવાદી હુમલા અંગે વિદેશ મંત્રાલયના મુખ્યાલયમાં જાણકારી આપવા માટે અમેરિકા, યુકે, ઈયુ, ઈટાલી, કતાર, જાપાન, ચીન, રશિયા, જર્મની, ફ્રાન્સ વગેરેના ઉચ્ચ રાજદૂતોને બોલાવ્યા.

આતંકી હુમલો બાદ ભારત લાલચોળ ખતા પાકિસ્તાનમાં ભારતના હુમલાનો ખૌફ પેદા થયો છે. પાકિસ્તાન એર ફોર્સ હાઈઅલર્ટ પર મૂકાયું છે. પાકિસ્તાને અરબ સાગરમાં નો ફલાઈ ઝોન જાહેર કર્યો છે. પાકિસ્તાને અટારી બોર્ડર બંધ કરી છે. તો પાકિસ્તાને ભારત સાથે વેપાર બંધ કરવાની જાહેરાત પણ કરી દીધી છે. પાકિસ્તાને તમામ ભારતીયો વીઝા રદ કર્યા છે. ભારતીયોને ૪૮ કલાકમાં પાકિસ્તાન છોડવા આદેશ કર્યો છે.

### ૧૨૦૦૦ કરોડના પ્રવાસ ઉદ્યોગને ફટકો

# પહલગામ હુમલાથી J&Kમાં ૨.૫ લાખની રોજી-રોટી જોખમમાં

## પ્રવાસન ઉદ્યોગ જીડીપીમાં ૭ થી ૮ ટકાનો ફાળો આપે છે

જમ્મુ, તા.૨૪

જમ્મુ અને કાશ્મીરનાં પહેલગામમાં થયેલો હુમલો માત્ર સહેલાણીઓ ઉપર જ થયો હતો તેમ નથી. તે કાશ્મીર ખીણમાં વસતા અઢી લાખ લોકોની રોજી-રોટી ઉપરનો હુમલો છે, એ કેન્દ્ર શાસિત પ્રદેશનાં અર્થતંત્ર પરનો હુમલો છે. કાશ્મીર ખીણનાં અર્થતંત્રની કરોડરજ્જુ તૂટી જવાની છે, સમગ્ર ખીણ પ્રદેશ ગંભીર કટોકટીમાં મુકાઈ જવાનો છે. પ્રવાસીઓને મારવામાં આવેલી એકે એક ગોળી, કાશ્મીરનાં અર્થતંત્રને વર્ષો સુધી પાછુ ધકેલી દેશે.આ હુમલા અંગે પાકિસ્તાને સફાઈ મારતાં કહ્યું છે કે, અમારે તેની સાથે કશી લેવા-દેવા નથી. તે હુમલો તો ત્યાંના સ્થાનિક આતંકીઓએ જ કર્યો હશે. તો પ્રશ્ન તે થાય છે કે : જેમની રોજી-રોટીનો આધાર જ પ્રવાસન ઉદ્યોગ પર છે, તેઓ આવા હુમલા શા માટે કરે ? ઉલ્લેખનીય છે કે પૃથ્વી પરના સ્વર્ગ સમાન કાશ્મીરમાં પ્રવાસન ઉદ્યોગ વર્ષે રૂ. ૧૨૦૦૦ કરોડ આપે છે. એક અંદાજ પ્રમાણે તો ૨૦૩૦ સુધીમાં આ ઉદ્યોગ રૂ. ૨૫ થી ૩૦ હજાર કરોડ જેટલો વિકસવાની સંભાવના હતી.

સૌથી વધુ ખેદજનક બાબત તો તે છે કે, હજી પ્રવાસનની ઋતુ શરૂ જ થઈ છે. તેવામાં આ હુમલો થતાં સમગ્ર સીઝન દરમિયાન પ્રવાસીઓ નહીં આવે.આ કેન્દ્ર શાસિત પ્રદેશનાં પાટનગર શ્રીનગર પાસેના ડાલ-લેઈકમાં ૧૫૦૦ હાઉસ-બોટ્સ છે. કાશ્મીરમાં નાની અને મોટી હોટેલોમાં મળી ૩૦૦ થી વધુ રૂમ છે. ૨૦૨૪માં ૨ કરોડ ૩૬ લાખ પ્રવાસીઓ કાશ્મીર ગયા હતા.

રાજયને પછીથી કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવ્યા પછી ત્યાં પ્રવાસીઓની સંખ્યા વધતી જ રહી છે. ૨૦૨૦માં ૩૪ લાખ પ્રવાસીઓ આવ્યા હતા. પરંતુ ૨૦૨૧ માં ૧.૧૩ કરોડ પ્રવાસીઓ ગયા હતા. ૨૦૨૨માં તે ૨.૩૬ કરોડ સુધી પહોંચ્યો તેમાં ૬૫૦૦૦ તો વિદેશી પ્રવાસીઓ હતા.

અહીં સરકાર જ પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપે છે. જ્યારે બોલીવુડ માટે પણ તે મહત્ત્વનું છે. અહીં ફિલ્મોના અનેક શોટ્સ ઉતરે છે, તેથી પણ સ્થાનિક નિવાસીઓની આમદાની વધે છે. આ રીતે કાશ્મીર આર્થિક રીતે સમૃધ્ધ થતું રહ્યું છે. ૨૦૧૭માં ત્યાં માત્ર ૧૪.૮૮ લાખ નવા વ્હીકલ્સ નોંધાયા હતાં. જ્યારે ૨૦૨૪માં ૨૭.૮૮ લાખ નવા વાહનો ત્યાં નોંધાયા. આમ ખીણ વિસ્તારનો સર્વનો ભદ્ર વિકાસ થઈ રહ્યો છે. હવે તો ત્યાં રેલવે શરૂ થશે. વંદે-ભારત રેલવે પણ ત્યાં શરૂ થશે. આ આતંકી હુમલાને લીધે અનેકવિધ મુશ્કેલીઓ ઉભી થવા સંભવ છે. છેલ્લે યાદ આપવાની કે રાજકપૂરની એક શ્રેષ્ઠ ફિલ્મ 'બરસાત' લગભગ સંપૂર્ણ રીતે કાશ્મીરમાં જ ઉતરી હતી.

### પહલગામ આતંકી હુમલાનો નવો VIDEO

# બેફામ ગોળીઓ વરસાવતો આતંકી કેમેરામાં કેદ થયો

## આ વીડિયોમાં જોઇ શકાય છે કે આતંકવાદીઓના હાથમાં ઓટોમેટિક ગન છે અને તે પ્રવાસીઓ પર હુમલો કરી રહ્યો છે

પહલગામ, તા.૨૪

જમ્મુ કાશ્મીરના પહલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલા બાદ આખો દેશ આઘાતમાં છે. આ દરમિયાન આતંકવાદીઓના હુમલાનો નવો વીડિયો સામે આવ્યો છે. જેમાં તેને કત્લેઆમ મચાવતાં જોઈ શકાય છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે આતંકવાદીઓના હાથમાં ઑટોમેટિક ગન છે અને તે પહલગામ ગ્રાઉન્ડમાં પ્રવાસીઓ પર હુમલો કરી રહ્યો છે. આ હુમલામાં આતંકવાદીઓએ ૨૮ લોકોની હત્યા કરી દીધી અને ઘણા લોકોને ઘાયલ કર્યા.

આતંકવાદીઓએ સ્થાનિક કાશ્મીરી આતંકવાદીઓ અને ઓવર ગ્રાઉન્ડ વર્કર્સની સાથે મળીને હુમલા કરતાં પહેલાં વિસ્તારની રેકી કરી હતી. હુમલાખોરોએ હુમલા માટે બૈસરનને એટલા માટે પસંદ કર્યું કારણ કે આ વિસ્તારમાં સુરક્ષાદળો તહેનાત હોતા નથી.

પ્રાથમિક તપાસમાં ખબર પડી કે આતંકવાદીઓએ બોડીકેમ પહેરેલા હતા. હુમલાખોરોએ આ હુમલાની વીડિયોગ્રાફી કરી હતી. આતંકવાદીઓએ મહિલાઓ અને પુરૂષોને અલગ-અલગ કરી દીધા હતા. ત્યારબાદ એક-એક કરીને લોકોને માર્યા હતા. કેટલાક લોકોને દૂરથી ગોળી મારવામાં આવી જ્યારે બાકી લોકોને નજીકથી ગોળી મારવામાં આવી.

તપાસમાં ખબર પડી કે આતંકવાદીએ જાણીજોઈને પહલગામને હુમલા માટે પસંદ કર્યું. અહીં સુરક્ષાદળો તહેનાત હોતા નથી અને હુમલા બાદ બચાવ કાર્યમાં સમય લાગશે. આતંકવાદીઓએ સંતાવવા માટે ગાઢ જંગલમાં અડ્ડા બનાવ્યા હતા. સ્થાનિક આતંકવાદીઓની મદદથી આતંકવાદીઓએ કદાચ હવે પોતાનું લોકેશન બદલી દીધું છે.

તમને જણાવી દઈએ કે પહલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં અત્યાર સુધી ૨૮ લોકોના મોત નીપજ્યા છે જ્યારે ૧૭ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ હુમલો પહલગામની બૈસારન ઘાટીમાં કરવામાં આવ્યો, જેમાં આતંકવાદીઓએ લોકોને ટાર્ગેટ બનાવ્યા.

### મોંઘી લક્ઝરી પ્રોડક્ટ્સ પર ટેક્સ લાગુ કરવા આવકવેરા વિભાગનું જાહેરનામું

# રૂ.૧૦ લાખથી વધુ કિંમતની લક્ઝરી ચીજવસ્તુઓ પર હવે ૧% TCS

## આ નોટિફિકેશન દર્શાવે છે કે સરકાર ઊંચા ભાવની લક્ઝરી પ્રોડક્ટ્સની ખરીદી કરતાં લોકો પર નજર રાખવા માગે છે

નવી દિલ્હી, તા.૨૪

હવેથી રૂ.10 લાખથી વધુ કિંમતના હેન્ડબેગ, કાંડા ઘડિયાળ, ફૂટવેર અને સ્પોર્ટસવેર પર એક ટકા ટેક્સ કલેકટેડ એટ સોર્સ (TCS) લાગુ પડશે. હાલમાં રૂ.10 લાખથી વધુ કિંમતના મોટર વ્હિકલ પર આ ટેક્સ લાગુ પડે છે, પરંતુ હવે આવકવેરા વિભાગે એક નોટિફિકેશન જારી કરી આ ટેક્સ હેઠળ બીજી લક્ઝરી પ્રોડક્ટ્સને પણ આવરી લીધી છે. આવકવેરા વિભાગે 22 એપ્રિલે કેટલીક લક્ઝરી પ્રોડક્ટ્સ અને સંગ્રહલાયક વસ્તુઓની યાદી જાહેર કરી હતી,

જેના પર હવેથી 1 ટકા TCS લાગુ થશે. આ યાદીમાં આ યાદીમાં કાંડા ઘડિયાળો, ચિત્રો, શિલ્પો અને પ્રાચીન વસ્તુઓ જેવી કલા વસ્તુઓ, સિક્કા અને સ્ટેમ્પ સહિતની સંગ્રહયોગ્ય વસ્તુઓ, યાટ્સ, હેલિકોપ્ટર, લક્ઝરી હેન્ડબેગ, સનગ્લાસ, ફૂટવેર, હાઈ એન્ડ સ્પોર્ટસવેર અને ઈક્વિપમેન્ટ, હોમ થિયેટર સિસ્ટમ્સ તથા રેસિંગ અથવા પોલો હોર્સનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે પ્રોડક્ટ્સના વેચાણ સમયે ખરીદનાર પાસેથી TCS વસૂલવામાં આવતો હોય છે અને તેને I-T રિટર્ન ફાઈલ ખરીદદાર તેના પર રિફંડ માગી શકે છે. TCSથી સરકારને કોઈ વધારાની આવક થતી નથી, પરંતુ ખરીદી સમયે PAN વિગતો સબમિટ કરવાની હોવાથી કર વિભાગને ઊંચા મૂલ્યના વસ્તુઓની ખરીદી કરતા લોકો પર નજર રાખવામાં મદદ મળે છે. બજેટના ભાગ રૂપે લક્ઝરી ચીજવસ્તુઓ તેમજ રૂ. 10 લાખથી વધુ કિંમતના મોટર વાહનો માટે TCS જોગવાઈ ફાઈનાન્સ એક્ટ, 2024માં કરાઈ હતી. નાંગિયા એન્ડરસન એલએલપીના ટેક્સ પાર્ટનર સંદીપ ઝુનઝુનવાલાએ જણાવ્યું હતું કે આ નોટિફિકેશન દર્શાવે છે કે સરકાર ઊંચા ભાવની લક્ઝરી પ્રોડક્ટ્સની ખરીદી કરતાં લોકો પર નજર રાખવા માગે છે. તેનાથી કરપાયામાં અને નાણાકીય પારદર્શકતામાં પમ વધારો થશે.

### કોર્ટ સંબંધીઓને સંડોવવાની પ્રવૃત્તિઓને સમર્થન નથી આપતી

# દહેજપીડિતા દ્વારા પતિનાં સગાને ફસાવવાના ટ્રેન્ડમાં વધારોઃ SC

## આ કિસ્સામાં, ફરિયાદી અને તેના પતિ વચ્ચેના લગ્ન ૨૦૧૪માં આંધ્રપ્રદેશના ગુંટુર ખાતે થયા હતાં

નવી દિલ્હી, તા.૨૪

સાસરિયા સામેના દહેજ ઉત્પીડનનો કેસ રદ કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે દહેજ પીડિતા તેના પતિના સગાંઓને કાનૂની કાર્યવાહીમાં ફસાવતી હોય તેવા ટ્રેન્ડમાં વધારો થયો છે. આ કોર્ટ દહેજ પ્રતિબંધ ધારા 1961ની કલમ 4 અને આઈપીસીની કલમ 498A હેઠળ ગુના માટે પતિના સંબંધીઓને સંડોવવાની પ્રવૃત્તિઓને સમર્થન આપતી નથી ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને પ્રશાંત કુમાર મિશ્રાની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે મહિલાની નણંદ, પતિ અને સસરા સામે સાર્વત્રિક અને જનરલ પ્રકારના આરોપો હતાં. મહિલાએ શારીરિક ત્રાસ આપવાના કોઈપણ આરોપનો ઉલ્લેખ કર્યો નથી. આરોપ માત્ર મહેણા-ટોણા પ્રકારના છે. કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે પતિના સંબંધોઓની પણ કાનૂની કાર્યવાહીમાં ફસાવવાના વધતાં જતાં ટ્રેન્ડને ધ્યાનમાં રાખીને આ કોર્ટ દહેજ પ્રતિબંધ ધારા 1961ની કલમ 5 અને આઈપીસીની કલમ 498એ હેઠળ ગુના માટે પતિના સંબંધીઓને સંડોવવાની પ્રવૃત્તિઓને સમર્થન આપતી નથી અને તેના પર નારાજગી વ્યક્ત કરે છે. આ કિસ્સામાં, ફરિયાદી અને તેના પતિ વચ્ચેના લગ્ન 2014માં આંધ્રપ્રદેશના ગુંટુર ખાતે થયા હતાં.લગ્નના પાંચ મહિના પછી, મહિલાએ તેના પતિને છોડી દીધો હતો અને તેના માતાપિતા સાથે રહેવા લાગી હતી. પતિએ 2015 માં વૈવાહિક અધિકારો પરત મેળવવા માટે કોર્ટમાં અરજી કરી હતી. આ કાર્યવાહી પેન્ડિંગ હતી તે દરમિયાન, મહિલાએ 2016માં પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

### પાકિસ્તાન સરકારનું 'X' એકાઉન્ટ સસ્પેન્ડ

# પહલગામ આતંકી હુમલાને પગલે ભારતની મોટી કાર્યવાહી

## કાયદાકીય ધોરણે પાકિસ્તાન સરકારનું X હેન્ડલ સસ્પેન્ડ કરવાની માગના પગલે આ કાર્યવાહી હાથ ધરાઈ

નવી દિલ્હી, તા.૨૪

પહલગામ આતંકી હુમલા બાદ ભારત તમામ ક્ષેત્રોમાં પાકિસ્તાનનો બહિષ્કાર કરી રહ્યો છે. આજે ભારતમાં પાકિસ્તાન સરકારનું X એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. ગઈકાલે ભારતે પાકિસ્તાનન સાથેની અત્યંત મહત્ત્વની સિંધુ જળ સંધિ પર રોક મૂકી હતી. કાયદાકીય ધોરણે પાકિસ્તાન સરકારનું X હેન્ડલ સસ્પેન્ડ કરવાની માગના પગલે આ કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું ટ્વિટરે જણાવ્યું છે.

પહલગામ આતંકવાદી હુમલાના પગલે સમગ્ર દેશમાં શોક અને ગુસ્સાનો માહોલ છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે ગઈકાલે (૨૩ એપ્રિલ) પાકિસ્તાન સામે સિંધુ જળ કરાર પર રોક લગાવવા, ભારતમાં પાકિસ્તાનના રાજદ્વારીઓની સંખ્યા ઘટાડવા અને પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરવા સહિતની આકરી કાર્યવાહી કરી હતી. હવે ભારતમાં પાકિસ્તાન સરકારનું 'X' એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, પહલગામના વિનાશકારી આતંકવાદી હુમલામાં ગુજરાતના ત્રણ સહિત કુલ ૨૮ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો હતો.

પહલગામમાં થયેલા આતંકી હુમલા મુદ્દે ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CSS) બેઠક યોજાઈ હતી. જેમાં આતંકવાદને સમર્થન આપી રહેલા પાકિસ્તાન વિરૂદ્ધ અનેક પગલાં લેવામાં આવ્યા છે. વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ જણાવ્યું હતું કે, પાકિસ્તાન હાઈ કમિશને પહેલી મે સુધીમાં પોતાના રાજદ્વારીઓની સંખ્યા ૫૫થી ઘટાડી ૩૦ કરવાની રહેશે. ભારત પણ પાકિસ્તાનમાં પોતાના રાજદ્વારીઓને પાછા બોલાવી રહ્યું છે.

વધુમાં નવી દિલ્હી ખાતે પાકિસ્તાન હાઈ કમિશન પરથી તમામ સુરક્ષા હટાવી લેવામાં આવી છે.

તેના અધિકારીઓને સપ્તાહની અંદર ભારત છોડવા આદેશ આપી દેવામાં આવ્યો છે. ભારતે ઈસ્લામાબાદમાં પોતાના હાઈ કમિશન પરથી પણ સૈન્ય સલાહકારોને પાછા બોલાવ્યા છે.

### ભૂલથી સરહદ ઓળંગતા ડિટેઈન

# ભારતના જવાનને પાકિસ્તાની સેનાએ ડિટેઈન કરી લીધો

## બંને દેશો વચ્ચે હાલ ચાલી રહેલાં તણાવ વચ્ચે પાકિસ્તાનની સેનાએ તેને મુક્ત કરવાનો ઈનકાર કર્યો


ફિરોજપુર, તા.૨૪

પાકિસ્તાનની સેનાએ બીએસએફના એક જવાનની અટકાયત કરી હોવાના મોટા સમાચાર મળ્યા છે. ભૂલથી પાકિસ્તાનની સરહદમાં જતો રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. પાકિસ્તાન રેન્જર્સે બીએસએફના જવાનની અટકાયત કરી છે. અટકાયત કરવામાં આવેલા બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનની ઓળખ ૧૮૨ બટાલિયનનો કોન્સ્ટેબલ પીકે સિંહ તરીકે થઈ છે. જવાનનો યુનિફોર્મ અને સર્વિસ રાઈફલ પાક. રેન્જર્સે જપ્ત કરી લીધી છે.પંજાબના ફિરોજપુર જિલ્લામાં આવેલી ભારત-પાકિસ્તાન સરહદ પર ગઈકાલે ભૂલથી બીએસએફનો એક જવાન પાકિસ્તાનની સરહદમાં પ્રવેશી ગયો હતો. તે ખેડૂતો સાથે છાયડાંમાં આરામ કરવા માટે આગળ વધ્યો હતો. ત્યારે અચાનક સરહદ ક્રોસ થઈ જતાં પાકિસ્તાની રેન્જર્સ દ્વારા તેને પકડી લેવામાં આવ્યો હતો. જેથી પાકિસ્તાન રેન્જર્સે તેની અટકાયત કરી હતી. બંને દેશો વચ્ચે હાલ ચાલી રહેલાં તણાવ વચ્ચે પાકિસ્તાનની સેનાએ તેને મુક્ત કરવાનો ઈનકાર કર્યો છે. બીએસએફનો આ જવાન થોડા સમય પહેલાં જ આ સરહદ પર તૈનાત થયો હતો. તેથી તેને સરહદની ઓળખ ન હોવાથી ભૂલથી પાકિસ્તાન જતો રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. બુધવારે મોડી રાત્રે બીએસએફ અને પાકિસ્તાન રેન્જર્સ વચ્ચે ફ્લેગ મીટિંગ યોજાઈ હતી. જેમાં બીએસએફે પોતાના જવાનને પરત કરવાની માગ કરી હતી. પંરતુ પાકિસ્તાન રેન્જર્સે આ માગ ફગાવી દીધી હતી. આ મુદ્દે આજે ફરી બીએસએફ અને પાક. રેન્જર્સ વચ્ચે ફ્લેગ મીટિંગ થશે.

# અમરેલી : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓનો વાર્ષિકોત્સવ ‘‘ઉલ્લાસ’’ની ઉજવણી કરાઈ







અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો દ્વારા તૈયાર કરેલ સાંસ્કૃતિક કૃતિઓને એક વિશાળ મંચ પર રજૂ કરવા માટે સમિતિ દ્વારા ‘‘ઉલ્લાસ (૩.૦)–૨૦૨૫’’ વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી ચિલ્ડ્રન રીસર્ચ યુનિવર્સિટી ગાંધીનગરનાં કુલપતી ટી.એસ. જોષીના અધ્યક્ષ સ્થાને, ઉદ્‌ઘાટક ડી.ડી.ઓ. પી.બી. પંડયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પૂર્વ પ્રમુખ જિલ્લા યુવા મોરચો ભાજપ મુકેશભાઈ સંઘાણી, પ્રાંત અધિકારી મહેશ નાકીયા, નગરપાલીકા પ્રમુખ બિપિનભાઈ લીંબાણી, અમરડેરીના ચેરમેન અનિભાઈ સાવલીયા, જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી.ગોહીલ, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, નગરપાલીકા દંડક દિલીપભાઈ વાળા, અનીલભાઈ રાધનપરા, કોમલબેન રામાણી, રેખાબેન માવદિયા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, બીપીનભાઈ જોષી, મુકુંદભાઈ મહેતા, ભગીરથભાઈ ત્રિવેદી, ચંદુભાઈ રામાણી, ઉદયનભાઈ ત્રિવેદી, ધીરૂભાઈ કોટડીયા, ઈનરવ્હિલ કલબના સેક્રેટરી શિવાનીબેન પરીખ, રાજેશભાઈ ભટ્ટ, જીતુભાઈ ગોળવાળા, કેતનભાઈ સોની, રાજુભાઈ ધાનાણી, દિનેશભાઈ ભુવા સહિત આગેવાનોની ઉપસ્થિતિમાં તમામ શાળાનાં બાળકોએ અલગ–અલગ કૃતિઓ રજૂ કરી અને દરેક બાળકોને ઈનામોથી, શાળાને મોમેન્ટો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. નિવૃત થતા શિક્ષકોને વિદાયમાન અપાયુ તથા ઉતકૃષ્ઠ સિધ્ધી પ્રાપ્ત કરનાર શિક્ષકોને મોમેન્ટો આપવામાં આવ્યા તેમજ તમામ શાળાના બાળકો કે જેમણે તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ પ્રાપ્ત કરેલ હોય તેમને મેડલ અને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા તેમજ તમામ શાળાનાં તમામ ધોરણનાં બાળકો કે જેમણે વર્ગમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હોય તેમને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરાયા હતા હાજર રહેલા તમામને દાતા દ્વારા નાસ્તાની વ્યવસ્થા કરેલ હતી. તેમજ સમાજ શ્રેષ્ઠીઓ, વેપારી અગ્રણિઓ, વકિલ મિત્રો, ડોકટરઓ, અલગ અલગ રાજકિય, સામાજીક સંસ્થાના અગ્રણીઓ, વાલીગણ, પત્રકાર મિત્રો, દાતાઓ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કરેલ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષાર જોષી, વાઈસ ચેરમેન દામજી ગોલ, શાસનાધિકારી આશિષ જોષી, સમિતિનાં સભ્યઓ, આચાર્યઓ, શિક્ષકઓ, ઓફિસ સ્ટાફ–ટીમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ જહેમત ઉઠાવેલ તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલીનાં સંદિપ વામજાની યાદી જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું
## સુરતમાં આપઘાતનો સિલસિલો

બહેનો સાથે રહેતી હતી. સીમા બ્યુટી પાર્લરમાં નોકરી કરી પરિવારને આર્થિક મદદ કરતી હતી. પ્રેમી શૈલેષ વારવાર સીમાને તેની સાથે રહેવા માટે દબાણ કરતો હતો. ગઈકાલે મંગળવારે બ્યુટી પાર્લરમાં રજા હોવાથી સીમા પોતાના ઘરે હતી. તેનો પ્રેમી શૈલેષ ત્યાં ઘરે ગયો હતો. જયાં ફરી સાથે રહેવા બાબતે દબાણ કરતાં બંને વચ્ચે ઝઘડો થયો હતો. શૈલેશે ઉશ્કેરાટમાં આવી પોતાની હાથની નસ કાપી નાખતા સીમા ગભરાઈ ગઈ હતી અને સારવાર માટે નવી સિવિલ લઈને આવી હતી. શૈલેષને દાખલ કરીને ઘરે જઈ સીમાએ છતની એંગલ સાથે વાયર બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પાના ૮ ઉપરનું ચાલું
## બગસરા શરાફી મંડળી પ્રથમ ક્રમાંકે

વહીવટી તંત્ર સાથે સમગ્ર સ્ટાફ સભાસદોની જરૂરીયાત મુજબની કામગીરીથી ગુજરાતભરની સમગ્ર ૬૩૦૦થી વધારે સહકારી મંડળીઓમાંથી પ્રથમક્રમાંકે પહોંચેલ છે.

મંડળી ધ્વારા સભાસદલક્ષી તેમજ આપદા વિપદા સમયે સેવાકીય વિવિધ પ્રકારે પ્રવૃત્તિ બજાવી રહી છે. મંડળી ધ્વારા બાજપાઈ સહાય નિધી યોજના હેઠળ મૃતક સભાસદના વારસને રૂા.૨૫,૦૦૦ તેમજ મંડળી સભાસદના દિકરા અને દિકરી ઉચ્ચ અભ્યાસ માટે માત્ર ૪% સાદા વ્યાજ દરે લોન સુવિધા અને સભાસદોને ૧૫% ડિવિડન્ડ ઉપરાંત દર ત્રણ વર્ષે આકર્ષક ભેટ વસ્તુ સહિતના લાભો સભાસદોને મળી રહ્યા છે.

મંડળીના સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆની કુશળ વહીવટી કામગીરી અને મંડળીની શાખા બગસરા એમડી મહેશભાઈ જે. વ્યાસ, ધારી એમ.ડી કેતનભાઈ એચ. ધકાણ, અમદાવાદ એમ.ડી. વિનુભાઈ સી. રાદડીયા, વડોદરા એમ.ડી. મનોજભાઈ સી. પટેલ, રાજકોટ એમ.ડી. અરવિંદભાઈ એન. નાગ્રેચા, ચલાલા એમ.ડી. જયોતિકાબેન એચ. રાવલ, લીલીયા મોટા એમ.ડી. પરીનભાઈ ડી. રાજપુરા, અમરેલી એમ.ડી. તનસુખભાઈ ડી. ઠાકર સાથે સમગ્ર ડીરેકટર બોર્ડ તથા તમામ શાખાઓના એડવાઈઝરી બોર્ડ, શાખા સેક્રેટરીઓ, કર્મચારીગણ, અમરેલી જિલ્લાના તથા રાજયભરના રાજકીય આગેવાનો, સહકારી આગેવાનો સહિતના માર્ગદર્શન અને સુચનોને આવકારી મંડળીના તજજ્ઞ ડીરેકટર શરદભાઈ લાખાણી, કંચનબેન રાદડીયાની સલાહ સુચનોમાં મંડળીની પ્રગતિમાં સિંહ ફાળો છે. તેમ મંડળીના જનરલ એમ.ડી. નિતેષ ડોડીઆ તથા જનરલ સેક્રેટરી ડી.જી. મહેતાએ અમરેલી એકસપ્રેસ મુલાકાત દરમ્યાન મંડળીનો પ્રગતિનો અહેવાલ રજુ કરેલ.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૨ | ૧૦૩૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૪૯ | ૧૧૧૧ |
| ૩ | શીંગ મોટી | ૭૦૦ | ૧૦૩૨ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| ૫ | તલ સફેદ | ૧૦૫૦ | ૨૩૦૦ |
| ૬ | તલ કાળા | ૩૭૦૦ | ૫૪૪૦ |
| ૭ | બાજરો | ૫૫૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૩૬૬ | ૫૯૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૭ |
| ૧૦ | અડદ | ૬૦૦ | ૬૧૫ |
| ૧૧ | ચણા | ૮૧૦ | ૧૦૭૯ |
| ૧૨ | ચણા દેશી | ૧૦૨૦ | ૧૦૫૦ |
| ૧૩ | ચણા સફેદ | ૯૫૯ | ૧૧૬૧ |
| ૧૪ | છોલે ચણા | ૧૧૬૧ | ૧૭૨૦ |
| ૧૫ | તુવેર | ૯૦૦ | ૧૩૭૩ |
| ૧૬ | કપાસ | ૮૨૫ | ૧૫૫૫ |
| ૧૭ | એરંડા | ૯૪૦ | ૧૧૫૭ |
| ૧૮ | જીરૂ | ૨૦૫૦ | ૪૪૦૦ |
| ૧૯ | રાયડો | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૨૦ | રાય | ૬૭૦ | ૧૪૩૦ |
| ૨૧ | ધાણા | ૧૦૫૦ | ૧૪૩૦ |
| ૨૨ | ધાણી | ૧૧૮૫ | ૧૭૯૦ |
| ૨૩ | મેથી | ૭૦૦ | ૯૦૦ |
| ૨૪ | સોયાબીન | ૭૩૫ | ૮૧૦ |
| ૨૫ | મરચા લાંબા | ૨૦૦ | ૧૫૭૦ |
| ૨૬ | દેશી મરચા | ૨૪૦ | ૩૦૦૦ |
| ૨૭ | કાંગ | ૪૫૦ | ૫૩૫ |

પાના ૮ ઉપરનું ચાલું
## શ્રી ભગવાન પરશુરામદાદાની શોભાયાત્રા

શહીદ થયા છે, જે સમગ્ર માનવતા માટે ઘાતક અને અમાનવીય ઘટના છે.

આ નિર્મમ અને ધર્મના આધાર પર કરવામાં આવેલા કાર્યકર્તાપૂર્ણ હુમલાના પ્રત્યાઘાતમાં અને શહીદ થયેલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના ભાવથી, અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા જાહેરાત કરવામાં આવે છે કે અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા અમરેલી શહેરમાં આ વર્ષે આયોજન કરેલી શોભાયાત્રા અને અન્ય કાર્યક્રમો રદ કરેલ છે.

આગામી મંગળવારે સવારે ભગવાન પરશુરામજીની પૂજા–આરતી બપોરે ૧૨ કલાકે ૫૬ ભોગ તેમજ આરતી, સાંજે ૭:૦૦ કલાકે દિવંગત આત્માની શાંતિ અર્થે સર્વ હિંદુ સમાજ, સામાજિક, સેવાકીય, રાજકીય, સાધુ સંતોને સાથે રાખી સર્વોને આમંત્રણ આપી મહાઆરતી રૂપી શ્રદ્ધાંજલિ આપવામાં આવશે તેમ પ્રમુખ મુકુંદભાઈ મહેતાની યાદીમાં જણાવાયુ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં કુંકાવાવ રોડ પરનાં

આગળના વીલમાંથી ગુટખો નીકળી જવાથી અને વ્હીલની એકસેલ નીકળી જવાથી નવા ખીજડીયા ગામના પાટીયા પાસે ટ્રેકટર ડાબી સાઈડમાં એકાએક ઉંધુ વળી જવાથી ટ્રેકટરનું મોટુ વ્હીલ મારા પતિના ઉપર ફરી વળવાથી શરીરના બે ભાગ થઈ ગયેલ અને કમકમાટી ભર્યુ મૃત્યુ ઘટના થયેલ.

વધુમાં જણાવેલ છે કે, ટ્રેકટરના બંને માલિકની સુચનાથી મારો પતિ મજુર હોવા છતા ટ્રેકટર ચલાવવા ભરેલ ફેરો ખાલી કરવા મોકલેલ હતો. નંબર પ્લેટ વગરના ટ્રેકટર ટેલર ઘણા સમયથી આ ગજાનંદ ટાઈલ્સ પેવર બ્લોકના કારખાનાના અને ટ્રેકટરના માલિકોની બેદરકારી આળસના કારણે આ દુર્ઘટના ઘટી છે. આ કારખાનામાં ટ્રેકટરના ફેરામાં જતા મજુરો અને મારા પતિએ પણ આ ખખડધજ ખરાબ હાલમાં ચાલતુ રીપેર કરાવવા કહેલ છતા ટ્રેકટર અને કારખાનાના માલિકોએ આ બાબતની ગંભીરતા લીધા વગર ટ્રેકટરનો ઉપયોગ ચાલુ રાખેલ જેના કારણે દુઘટનામાં મારા પતિનો ભોગ લેવાયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, કારખાના અને ટ્રેકટરના માલિકે મારા ધણીને ટ્રેકટર ચલાવવા આપેલ સુચનાનો ઓડીયો રેકર્ડ અમારા પાસે છે. દુર્ઘટના ઘટી તેના સાથે મજુરો હતા તેને પણ માલિકે ભગાડી મુકેલ હતા. ટ્રેકટરના માલિકો પણ ઘટના સ્થળે જઈ મૃતકને છોડીને ભાગી ગયેલ અને દોષનો ટોપલો મૃતક મારા પતિ ઉપર ઢોળીને તેને ગુનેગાર બનાવેલ છે. પોલીસને પણ ગુમરાહ કરી ટ્રેકટરના માલિક ઉપર ગુનો ન આવે મૃતકની ભુલ હતી એવો દેખાવ કરી ટ્રેકટર રીપેર કરી રોજ કામ કરાવી પોલીસ સ્ટેશને રજુ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, સામાવાળા પૈસાપાત્ર, વગદાર, રાજકીય વગ ધરાવતા હોવાના કારણે ગરીબ વિધવાને એકપણ રૂપિયાનું વળતર સામાવાળાએ આપેલ નથી કે ખરખરો કરવા, પોસ્ટમોર્ટમ કરાવવા કે લાશ અમારા ઘરે પહોંચાડવામાં કે ઘટનાની જાણનો ફોન પણ કરેલ નથી. આ કામમાં તાલુકા પોલીસ સ્ટેશન કારખાના અને ટ્રેકટરના માલિકને નિર્દોષ ગણે છે. મારા મૃતક પતિ દોષી ગણી કાર્યવાહી મૃતકના હીતમાં કરેલ નથી. એક મહીના જેવો સમય વીતી ગયો છતા સામાવાળા માલિકો સામે પગલા લીધેલ નથી. ગત તા. ૧૭/૪/૨૫ના રોજ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે અગ્રણીઓએ લેખીતમાં ટ્રેકટરના કારખાનાના બંને માલિકો સામે ગુનો દાખલ કરવા થયેલ ફરીયાદમાં સામાવાળા સામે કડક કાનુની કાર્યવાહી કરવા ખાસ જરૂરી કલમો ઉમેરવા અને મારા મૃતક પતિને ગુનેગાર ન ગણવા પોલીસે તટસ્થ ન્યાયના હિતમાં ઝડપી કામ કરવા માંગણી કરેલ તેમ મહિલાની યાદીમાં જણાવેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જિણી | ૯૫૦ | ૧૦૧૫ |
| ૨ | શીંગ મોટી | ૯૫૦ | ૧૦૩૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૭૦ |
| ૪ | જીરૂ | ૩૮૦૦ | ૪૩૭૦ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૫૪૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૨૦ |
| ૮ | બાજરો | – | ૫૭૦ |
| ૯ | જુવાર | ૭૩૦ | ૭૮૦ |
| ૧૦ | મગ | – | ૧૫૬૫ |
| ૧૧ | અડદ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૫૦ | ૧૦૮૦ |
| ૧૩ | દેશી ચણા | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ૧૪ | તુવેર | ૧૧૭૦ | ૧૩૯૨ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૧૭૦ |
| ૧૬ | મેથી | ૯૦૦ | ૧૦૦૦ |
| ૧૭ | રાય/રાયડો | ૯૮૦ | ૧૦૪૦ |
| ૧૮ | ધાણા | ૧૩૦૦ | ૧૫૭૮ |
| ૧૯ | સોયાબીન | ૭૮૦ | ૮૦૮ |

પાના ૧ ઉપરનું ચાલું
## સિંહણનું કમકમાટીભર્યુ મોત

અથવા તો સિંહબાળ અમરેલી સાવરકુંડલા હાઈવે રોડ ઉપર અનેક વખત સિંહો જોવા મળે છે. અને આ સિંહ પરિવારની સુરક્ષા માટે સરકાર લાખો રૂપિયા ફાળવે છે. છતાં પણ સિંહ પરિવારની સુરક્ષામાં ચુક થાય છે.

ત્યારે આજે વહેલી સવારે અમરેલી નજીક સાવરકુંડલા રોડ ઉપર આવેલ ચકકરગઢ ગામના પાટીયા પાસે એક અજાણ્યા વાહન ચાલકે આશરે ૫ વર્ષની ઉંમર ધરાવતી એક સિંહણને હડફેટે લઈ સિંહણના શરીર પર વાહન ચડાવી દઈ વન્ય પ્રાણીના માંસન લોચાઓથી હાઈવે માર્ગ રકતરંજિત થઈ જવા પામેલ હતો. આ બનાવમાં સિંહણનું મોત થતાં સિંહણનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ બનાવની જાણ થતાં જ લીલીયા રેન્જનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. અને સિંહણના મૃતદેહને તાત્કાલિક ક્રાકચ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડી અને પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ હતું. જેમાં આ સિંહણનું મોત રોડ અકસ્માતમાં થયાનું જાહેર થવા પામેલ છે.

આ બનાવ બાદ અમરેલીના વનવિભાગ મદદનીશ વન સરક્ષક વિરલસિંહ ચાવડાએ જણાવ્યું હતું, કે આ સિંહણને હડફેટે લઈ અકસ્માત કરી સિંહણનું મોત નિપજાવનાર અજાણ્યા વાહનચાલક ફરાર થઈ જનાર વાહન ચાલકને ઝડપી લેવા વનવિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં છાશવારે વન્ય પ્રાણી સિંહ પરિવાર માટે રેલ્વે ટ્રેક ગોઝારો સાબિત થયેલ છે. અને અગાઉ રાજુલા જાફરાબાદમાં સિંહ અકસ્માતની ઘટનાઓ ઘટી ચૂકી છે. ત્યારે બાદ વધુ એક માર્ગ અકસ્માતમાં સિંહણનું મોત નીપજયું હતું.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લાનાં અનેક ગામો

જેથી ખેતમજૂરો, નાના ખેડૂતો જીવન ભયના દરવાજે આવી પહોંચે છે. આવી પરિસ્થિતિમાં આત્મહત્યાના કિસ્સાઓ વધી શકે છે–દરેક જીવ ગુમાવવાનો કેસ માત્ર વ્યકિતગત દુઃખ નહીં પણ સામુહિક અશકયતાનું દર્શન કરાવે છે.

વધુમાં જણાવેલ છે કે, આ ક્ષેત્રમાંથી રોજગારીની તલાશમાં યુવાઓ અને મજુરો મોટાપાયે શહેરો તરફ સ્થળ ાંતર કરે છે. પરિવાર અલગ પડે છે, સમાજ તૂટે છે અને ગામ ખાલી થાય છે. આ વિકાસ નહી પણ વિકલ્પ છે જે બચાવ માટે નહીં, પણ મજબુરીથી લેવાયેલો રસ્તો છે.

ગુજરાત અને ભારત સરકાર છેલ્લા અનેક વર્ષોથી કૃષિ વિકાસ અને ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં વચનો આપી રહી છે. પરંતુ આ વિસ્તારોમાં હજુ સુધી એ વચનોની પાંખો તૂટેલી જ લાગે છે.

સૌની યોજના (સરદાર સરોવર નર્મદા નીર યોજના) જેમની આજ સુધી અમલવારી થયેલી છે. એવા વિસ્તારોમાં કૃષિમાં આશ્ચર્યજનક વૃધિધ જોવા મળી છે. પાણીની ઉપલબ્ધીથી પાકનું નિયોજન શકય બને છે, ઉત્પાદન વધે છે, આવક વધી શકે છે અને ગામ વિકાસના પથ પર આગળ વધે છે.

સૌની યોજના અમલમાં મુકાતી હોય અને તે પાઈપલાઈન ધ્વારા ખેતરો સુધી પહોંચતી હોય તો ખેતીને નવી ઉર્જા મળશે. ગ્રાન્ય આર્થિક તંત્ર પુનઃ સ્થાપિત થશે, પરિવારો જોડાશે અને ખેતમજુરો ફરીથી પોતાના જ ગામમાં રોજગારી મેળવી શકશે.

આ વિસ્તાર માટે સૌની યોજના અંતર્ગત સિંચાઈના પાયાના કાર્યને પ્રાધાન્ય આપી અમલમાં મુકવાની ખાતરી આપશો. અમે ખાતરી સાથે કહેવા માંગીએ છીએ કે જો ખારાપાટ વિસ્તારમાં સૌની યોજના ધ્વારા પાણી પહોંચાડવામાં આવે તો અહીનાં ખેડૂતો ખેતીના ક્ષેત્રમાં પોતાનું નસીબ જાતે લખી શકે છે.

અંતમાં એકમાત્ર આશા અને વિશ્વાસ છે કે, આ અરજી ફરિયાદ માત્ર પત્ર નથી પણ ખેતી પર આધારિત હજારો પરિવારોના આશા–અશ્રુઓનું પ્રતિબિંધ છે. ખારાપાટ વિસ્તારનો ખેડૂત પણ વિકાસની મુખ્યધારા સાથે જોડાઈ શકે એ જ અમારી એકમાત્ર ઈચ્છા છે તેમ અંતમાં જણાવેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૫૮ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૫૦૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૭૮ | ૫૪૨ |
| ૪ | ચણા | ૯૦૧ | ૧૦૬૦ |
| ૫ | મેથી | ૮૦૦ | ૮૩૫ |
| ૬ | ધાણા | ૮૦૦ | ૧૧૫૦ |
| ૭ | રાયડો | ૯૭૦ | ૯૭૦ |
| ૮ | મગફળી | ૭૮૦ | ૯૧૦ |
| ૯ | રાય | ૯૬૦ | ૯૬૦ |
| ૧૦ | તુવેર | ૯૬૦ | ૧૨૫૦ |
| ૧૧ | શીંગફાડા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| ૧૨ | સોયાબીન | ૭૦૫ | ૭૯૦ |
| ૧૩ | ચણા છોલે | ૧૬૩૫ | ૧૬૩૫ |
| ૧૪ | ચણા સફેદ | ૧૦૦૭ | ૧૦૬૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લાની ૧૨ આઈટીઆઈ

ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે.

અમરેલી જિલ્લામાં અમરેલી, લાઠી, લીલીયા, બાબરા, બગસરા, ધારી, કુંકાવાવ, વડિયા, સાવરકુંડલા, ખાંભા, રાજુલા, અને જાફરાબાદ એમ કુલ–૧૨ સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓ છે. આ સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા ઉમેદવારોને ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા માર્ગદર્શન મળી રહે અને તેઓ સહેલાઈથી ફોર્મ ભરી શકે તે માટે હેલ્પ સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે. આ હેલ્પ સેન્ટરના નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે. પ્રવેશ ભરવાની અંતિમ તારીખ ૩૦/૬/૨૦૨૫ છે.

અમરેલી આઈ.ટી.આઈ હેલ્પસેન્ટરનાંનંબર૯૪૨૯૦૯૮૧૬૭ તેવી જ રીતે કુંકાવાવના ૯૪૨૮૪ ૬૮૪૦૩, વડિયા– ૮૮૬૬૬ ૦૪૯૬૦, ધારી૯૬૩૮૮૧૩૮૪૦, બગસરા(૦૨૭૯૬)૨૨૨૮૮૮, ખાંભા ૯૯૨૪૬ ૫૫૦૭૯, સાવરકુંડલા ૯૮૯૮૦ ૪૧૬૭૭, લીલીયા ૯૬૦૧૪ ૩૫૬૬૦, લાઠી ૯૪૨૯૩ ૫૩૬૩૮, બાબરા ૯૪૨૮૯ ૬૭૪૨૭, રાજુલા૯૩૭૬૭૧૯૪૭૫ અને જાફરાબાદ ૮૯૮૦૦૩૪૬૫૭ છે. તેમ અમરેલી આઈ.ટી.આઈ આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું
## જાફરાબાદનાં વાપણીયાની બાજુમાં

રોડ બાબતે નોંધ લેવામાં આવતી નથી જેની જવાબદારી આવે છે. તે ખાતું આંખ આડા કાન કરતું હોય તેવું અહીં જોતા લાગી રહ્યું છે. આ એકદમ સાવ ખરાબ હાલતમાં રોડ હોય અને મસમોટા ખાડા તથા લોખંડનાં સળીયા નીકળી ગયા હોવાથી કોઈ ટુ વ્હીલર ચાલકના વીલમાં આવી જાય અને ટુ વ્હીલર ચાલકનું ઘટના સ્થળે કોઈ મોટો અકસ્માત સર્જાય તેવી હાલતમાં રોડના સળીયાઓ દેખાય રહ્યા છે. અને રોડ સાવ મગરમચ્છની પીઠ જેવી હાલતમાં હોવાથી વિધાર્થીઓ તથા શિક્ષકો તથા રાહદારીઓ માટે માથાના દુઃખાવા સમાન હોય અહીં ના રહીશો દ્વારા જણાવેલ કે જે તે સમયે નગરપાલિકા દ્વારા આ આરસીસી રોડ બનાવવા માં આવેલ આ રોડ ઉપરથી હજારોની સંખ્યા વિધાર્થીઓ પોતાના વાહનો લઈને જતા હોય રોડ ઉપર લોખંડના સળિયા દેખાઈ રહ્યા હોય ન કરે નારાયણ કોઈ વિધાર્થીની ટુ વ્હીલરમાં સળિયો ફસાઈ જાય અને ગંભીર ઘટના સર્જાઈ તે પહેલાં પાલિકા ગંભીરતા લઈ રોડ બનાવવામાં માટે ગંભીર બને અને વિધાર્થીઓ આવા અતિશય ખખડધજ રોડના લીધે કોઈ મોટી જાનહાનિના સર્જાય તે પહેલાં સારી ગુણવત્તા વાળો રોડ બનાવવામા આવે જેથી કરીને વિધાર્થીઓ પોતાનું શિક્ષણ ક્ષેત્રે આગળ વધે તેવો રોડ માટે તંત્ર ધ્યાન ઉપર લેવામાં આવે અને અતિશય ખખડધજ રોડને બનાવવા માટે તસ્દી સુધ્ધાં લેવાતી નથી રસ્તાઓ ખરાબ હોઈ તો જેતે કોન્ટ્રાકટરને સજાના પ્રાવધાન છે. અને ખરાબ રસ્તાઓ પોતાના ખર્ચે કોન્ટ્રાકટરે બનાવવાના હોઈ છે. જયારે આપડે ત્યાં અધિકારીઓની છત્રછાયામાં કોન્ટ્રાકટર દર વર્ષે લાખો કરોડોની કમાણી કરી પોતાના ઘરે જલસા કરે જયારે આમ જનતા તકલીફો ભોગવે છે... ત્યાં દરેક નાગરિકની કાળજી લેવામાં આવે છે. જયારે આપડે ત્યાં ફક્ત વોટ માંગતી વખતે જ... પછી તમે કોણ...?

અમો લોકશાહી અને તાનાશાહી વચ્ચેનો મર્મ નથી સમજાવી રહ્યા પણ આ બે વચ્ચે જે પ્રાવધાન છે એ સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ... શું સાચા અર્થમાં આપડે લોકશાહી દેશમાં જીવી રહ્યા છીએ...? રસ્તાની કાળી કમાણી કરતા આ કાળા મનના અધિકારીઓ અને કોન્ટ્રાકટરોની મીલીભગતને કારણે આજે શૈક્ષણિક સંસ્થાઓના રોડની કાળી કમાણી કોના ખિસ્સામાં..?? આ રોડ ઉપર નાખવામાં આવતી સીમેન્ટનું કયાંય નામોનિશાન જોવા મળતું નથી ફક્ત ને ફક્ત કપચીઓ દેખાય રહી છે. આ કપચી કોઈ વાહન ચાલકોના ટ્રઆઈર નીચે થી ઉડી કોઈ મુસાફર જનતા કે કોઈ વિધાર્થીના કે કોઈ શિક્ષકના માથા ફોડી નાંખે તેવી રીતે રોડ ઉપર મોટી મોટી પથરાયેલી કળી કપચી દેખાય રહી છે. એવામાં અધવચ્ચે લોખંડના સળિયા યમદૂત સમાન હોય ન કરે નારાયણ કોઈ મોટી દુર્ઘટના સર્જાય અને અનમોલ માનવ જીંદગી જોખમાઈ તે પહેલાં પાલિકા દ્વારા આ મહત્વની શૈક્ષણિક સંસ્થાઓના રોડ બનાવવા માટે ની ગંભીરતા લેવામાં આવશે..?? આ રોડ બનાવવા માટે વિધાર્થીઓ તથા શિક્ષકો અને અહીંના સ્થાનિક લોકો માંથી માંગ ઉઠી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૫ | ૧૫૬૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૪૪૦ |
| ૩ | મગફળી | ૯૯૧ | ૧૦૧૯ |
| ૪ | જીરૂ | ૩૯૫૫ | ૪૪૨૫ |
| ૫ | ઘઉં | ૪૫૮ | ૫૮૨ |
| ૬ | ધાણા | ૧૩૩૦ | ૧૪૯૦ |
| ૭ | ચણા | ૧૦૪૮ | ૧૦૯૦ |
| ૮ | તુવેર | ૧૧૯૦ | ૧૩૪૦ |
| ૯ | મેથી | ૯૭૫ | ૧૦૧૫ |
| ૧૦ | એરંડા | ૧૦૪૫ | ૧૧૪૫ |

# અમરેલી : સાંસદ સુતરિયાના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ કાર્યક્રમ સંપન્ન



ભારતની સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓમાં ગામડાઓનું હંમેશા મહત્વ રહ્યું છે. પૂ. મહાત્મા ગાંધીજીએ ગામને ગ્રામસ્વરાજનું મહત્વનું એકમ તરીકે વર્ણવ્યું છે. ભારતના પૂર્વ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ તા. ૨ ઓકટોબર, ૧૯૫૯ના રોજ રાજસ્થાનના નાગૌરથી પંચાયતી રાજ વ્યવસ્થાનો પાયો નાંખ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બિહારના મધુબનીથી પંચાયતી રાજ દિવસ-૨૦૨૫ રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. વડાપ્રધાનએ સંબોધન કર્યુ હતુ. તેમાં રાષ્ટ્રભરના નાગરિકો વર્ચ્યુઅલી જોડાયા હતા.અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ અને સાંસદ ભરતભાઈ સુતરિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત ખાતે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ ૨૦૨૫ની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જિલ્લા પંચાયતની વિવિધ સમિતિના ચેરમેનઓ, સદસ્યો, અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકો પણ જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે ભારતના બંધારણમાં બંધારણ સુધારા મારફત સ્થાન આપવામાં આવ્યુ છે. વિકાસની પ્રક્રિયામાં સત્તાનું વિકેન્દ્રીકરણ મહત્વનું છે. પંચાયતી રાજ વ્યવસ્થા એ સત્તાના વિકેન્દ્રીકરણનું ઉત્તમ ઉદાહરણ છે. જિલ્લાની તમામ ગ્રામ પંચાયતમાં વિકાસલક્ષી વિવિધ કાર્યો પ્રગતિ તળે છે. જિલ્લાની વિવિધ પંચાયત વિકાસશીલથી વિકસિત પંચાયત બનવા તરફની દિશામાં છે. જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી(પંચાયત) અર્પણ ચાવડાએ પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષમાં જિલ્લાની તમામ પંચાયતની વર્તમાન વિકાસ સ્થિતિનું પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતુ. મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના અન્વયે સાવરકુંડલાના જીરા ગ્રામ પંચાયત સરપંચ દક્ષાબેન ચોડવાડીયાને ઉત્તમ કામગીરી માટે જિલ્લા શ્રેષ્ઠ સરપંચનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. નિબંધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પંચાયતી રાજ દિવસની ઉજવણી કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા પણ ઉપસ્થિત રહ્યા હતા.જમ્મુ કાશ્મીર પહલગામમાં થયેલ આતંકી હુમલામાં મૃત્યુ પામનાર દેશના નાગરિકોને મૌન શ્રદ્ધાંજલિ પણ આ કાર્યક્રમના પ્રારંભે અર્પણ કરવામાં આવી હતી. જિલ્લા પંચાયત સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળે પ્રેરક સંબોધનમાં કહ્યુ કે, પંચાયતી રાજ વ્યવસ્થાને વધુને વધુ સુદ્રઢ બનાવવા માટે સ્થાનિક સ્વરાજના પ્રતિનિધિઓ, અધિકારીઓ, અને કર્મચારીઓ વચ્ચેનું સુવ્યવસ્થિત સંકલન મહત્વનું હોય છે. તેમણે જિલ્લામાં ગ્રામ્ય સ્તરથી શહેર સ્તર સુધી છેવાડાના વિસ્તારોમાં છેવાડાના માનવી સુધી પાયાની મહત્વની સુવિધાઓ અને સરકારી યોજનાઓનો લાભ પહોંચી રહ્યો છે કે નહિ ? તે બાબતે વર્ષમાં બે વખત વિસ્તૃત સમીક્ષા બેઠક ગોઠવવાનો વિચાર રજૂ કર્યો હતો, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ આ વિચારને આવકાર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ કહ્યુ કે, જિલ્લાના વિકાસ માટે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સતત વિકાસ થાય તે જરૂરી અને તેના માટે સૌનો સહિયારો પ્રયાસ જરૂરી છે. દેશના ગામડાંઓ પણ શહેરી કક્ષાની સુવિધા મળી રહે તે માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. વિવિધ સરકારી યોજનાઓના સુદ્રઢ અમલીકરણને લીધે ગ્રામ્ય સ્તરે પણ સકારાત્મક પરિવર્તન આવ્યું હોવાનું નોંધી શકાય છે. પંચાયતી રાજ દિવસ-૨૦૨૫ની ઉજવણીના કાર્યક્રમમાં, અમરેલી જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ ચેરમેન ભીખાભાઈ, આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વિનભાઈ કુંજરીયા, જિલ્લા પંચાયત સભ્ય પ્રતાપભાઈ કોઠીવાળ, જીતુભાઈ ડેર, પ્રવીણભાઈ માંગરોળિયા, સરપંચો સહિતના પદાધિકારી, હોદ્દેદારઓ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) અર્પણ ચાવડા સહિતના અધિકારીઓ, કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### આગામી રવિ અને સોમવારે

## બાબરામાં સમસ્ત કડવા સમાજના કારેટિયા પરિવાર દ્વારા " અમે એક જ ડાળના પંખી" કાર્યક્રમ યોજાશે

### પરિવારનાં મોભી બાબુભાઈ કારેડિયાના માર્ગદર્શન તળે તૈયારીઓ

બાબરા, તા. ૨૪

બાબરામાં આગામી તા ૨૭/૪/૨૫ અને તા ૨૮/૪/૨૫ રવિવાર અને સોમવાર બે દિવસ અહીં વાસાવડ રોડ પર આવેલ કારેટિયા પરિવારના કુળદેવી શ્રી માત્રી માતાજીના મંદિરે એમ એકજ ડાળના પંખીના શીર્ષક હેઠળ સમસ્ત ભારતમાં વસતા કડવા પાટીદાર સમાજના કારેટિયા પરિવારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પરિવારની ભાવના વ્યક્ત કરશે.

અહીં આયોજિત કાર્યક્રમમાં રવિવારે સમસ્ત ભારતમાં વસતા કારેટિયા પરિવારના લોકોનું આગમન થશે તેમના સ્વાગત માટે અલગ અલગ કમિતિનો રચનાઓ પણ કરવામાં આવી છે બે દિવસ સુધી આયોજિત આ ભવ્ય કાર્યક્રમ ભોજન ચા પાણી નાસ્તા દાંડિયા રાસ અને લોકડાયરા સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે તેમજ દીકરીઓનો પરિચય મેળો પણ યોજાશે પરિવારની એકતા પર અગ્રણીઓ દ્વારા પોતાના વક્વ્યો આપવામાં આવશે.

કડવા પાટીદાર સમાજના કારેટિયા પરિવારના વરિષ્ઠ અગ્રણી બાબુભાઈ કારેટિયા દ્વારા જણાવ્યું હતું કે પ્રથમ વિચાર આવ્યો અને અહીં કારેટિયા પરીવારમાં વિચાર મુકતા કારેટિયા પરિવારના સભ્યો યુવાનોએ ઉપાડી લીધો એક મહિનાથી તૈયારી શરૂ હતી અને હવે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે કારણ કે ગુજરાત સહિત સમગ્ર દેશમાં વસતા કડવા પાટીદાર સમાજના કારેટિયા પરિવારના લોકોની યાદી કરવી તેમજ તમામને નિમંત્રણ આપવું સહિતની ઘણીબધી તૈયારીઓ કરવામાં આવી છે આ સિવાય કારેટિયા પરિવાર ની દીકરી જે સમાજ જે ઘરે હોય ત્યાં તેને પણ ખાસ નિમંત્રણ પાઠવી કાર્યક્રમ માં પરીવાર સાથે ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

કારેટિયા પરિવારના અમે એકજ ડાળ ના પંખી ના સફળ આયોજન માટે એક વિશેષ કમિટી કારોબારી સમિતિ ની રચના કરવામાં આવી છે જેમાં હિંમતભાઈ મગનભાઈ કારેટિયા, ચંદુભાઈ મગનભાઈ કારેટિયા, જીજ્ઞેશભાઈ કારેટિયા, પ્રવીણભાઈ નાગજીભાઈ કારેટિયા, જીવરાજભાઈ કારેટિયા, પ્રદીપભાઈ બાબુભાઈ કારેટિયા, દશરથભાઈ કારેટિયા સહિતની કારોબારી સમિતિના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

કારોબારી સમિતિના સભ્યો ના જણાવ્યું અનુસાર સમગ્ર કાર્યક્રમ બાબરા ખાતે આયોજિત એકજ છત્ર માં યોજાશે અમે એકજ ડાળ ના પંખી એ ભાવ અમે અમારા પરિવારની પ્રત્યે ની ભાવના વ્યક્ત કરીએ છીએ ચાર થી પાંચ હજાર લોકો પરિવારના ઉપસ્થિત રહી પરિવાર ના એકબીજા ને પરિચય માં આવે એજ અમારો પ્રયેય કારણ કે બહુ લાંબા સમયે દૂર દૂર થી લોકો આવતા હોય અને દૂર રહેતા ત્યારે આ કાર્યક્રમ કુટુંબને નજીક લાવશે પરિવાર ની દીકરી ને પણ બોલાવવામાં આવી છે જે સાસરે હોય આમ કારેટિયા પરીવાર ના અમે એકજ ડાળ ના પંખી કાર્યક્રમ સફળ રહે તે દિશામાં કામ કરી રહ્યા છીએ.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે જે પરિવાર દુર થી આવે છે તેને લઈ જવા તેમજ રહેવા જમવા સહિતની આગવું આયોજન કરવામાં આવ્યું છે તા ૨૭/૪ ને રવિવાર ના રોજ રાત્રીના ભવ્ય દાંડિયા રાસ અને ૨૮/૪ સોમવારે દીકરીઓનો પરિચય મેળો તેમજ કારેટિયા પરિવારના તમામ લોકોનો પરિચય અને રાત્રે ૯/૩૦ કલાકે ભવ્ય લોક ડાયરો જેમાં સૌરાષ્ટ્રના લોક સાહિત્યકાર પ્રવીણભાઈ આહીર લોક સાહિત્યની વાતો રજૂ કરશે.

## વડિયા-કુંકાવાવ ભાજપનાં મહામંત્રી પદે શૈલેષભાઈ ઢુંમર



વડિયા, તા.૨૪

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના માર્ગદર્શન અને સ્થાપિક મંડળના સકંલન સાથે ચર્ચા વિચારણ કરી હોદેદારોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં વડિયા કુંકાવાવ તાલુકા ભાજપ પ્રમુખ તરીકે વિપુલભાઈ વસાણી તાલુકા ભાજપ મહામંત્રી તરીકે શૈલેષભાઈ ઢુંમર અને વડિયા મંત્રી તરીકે નિલેષસિંહ પરમારની નિમણૂંક કરવામાં આવી છે. આ તકે વડિયા કુંકાવાવ ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, વડિયા ગ્રામ પંચાયતના સદસ્ય ચેતનભાઈ દાફડા સહિતના કાર્યકરો તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઢુંમરને સતત ત્રીજી વખત મહામંત્રી બનાવતા અને નિલેશસિંહ પરમારને મંત્રી બનાવવા શુભકામનાઓ પાઠવી હતી.

## બાબરા ભાજપનાં મહામંત્રી તરીકે જગદીશભાઈ વાવડીયા

બાબરા, તા.૨૪

બાબરામાં શહેર ભાજપના પ્રમુખ કિરીટભાઈ પરવાડિયાની નિમણુક થયા બાદ શહેર સંગઠનનું આખું માળખું જાહેર થવાનું બાકી હતું જેની જાહેરાત આજે સત્તાવાર રીતે થતા તેમાં શહેર ભાજપના મહામંત્રી તરીકે ખાદી ભંડાર મિત્ર ગ્રુપના સભ્ય અને નાગરિક બેન્ક ના ડિરેકટર જગદીશ વાવડીયાની નિમણુક થતા ખાદી ભંડાર મિત્ર સર્કલ દ્વારા વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

જગદીશ વાવડીયા ભાજપના સંનિષ્ઠ અને નિષ્ઠાવાન કાર્યકર તરીકે વર્ષો ભાજપ પક્ષમાં કામ કરી રહ્યા છે અગાવ નગરપાલિકાના સભ્ય તરીકે તેઓ અગાવ સેવા આપી ચુકયા છે અને હાલ નાગરિક બેન્કના ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે ત્યારે શહેર



ભાજપમાં મહામંત્રી તરીકે તેઓને સ્થાન મળતા ખાદી ભંડાર મિત્ર સર્કલના હસુભાઈ પોપટ, અંકુર જસાણી, પંકજ ઇન્દ્રોડિયા, હરેસ આખજા, લાલુ તેરૈયા, અનિલ ચૌહાણ, પ્રકાશ પોકિયા, મનોજ કનૈયા, લલિત વેકરિયા, ધર્મેશ વાવડીયા, કુલદીપ ભટ્ટ, લાલો કૈલા, મેલિક તેરૈયા, નીતિન રાઠોડ, વસંત તેરૈયા, અનિરૂદ્ધ પાઠક અને જીતુ જોશી સહિતના ખાદી ભંડાર મિત્ર સર્કલ દ્વારા અભિનંદન પાઠવ્યા છે.

### સમસ્ત ગામજનો દ્વારા આસ્થા અને ઉત્સાહભેર

## ખાંભામાં ભાડ ગામે લાપાળા ડુંગર પર બિરાજમાન અવિચરણ મહાદેવ મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

### 3 દિવસ સુધી ધર્મસભા, લોકડાયરો સહિતનાં કાર્યક્રમો યોજાયા



અહેવાલ : ભાવિક કલસરીયા-ખાંભા

ખાંભા, તા.૨૪

ખાંભા તાલુકાના ભાડ ગામ નજીક આવેલ લાપાળા ડુંગર પર ગામજનો દ્વારા ભગવાન અવિચરણ નાથ મહાદેવના મંદિરના જીર્ણોદ્ધાર તથા ભગવાન રામદેવપીર તેમજ કવીચરનાથ બાપુના નૂતન મંદિરના નૂતન મૂર્તિઓના તારીખ ૨૧ થી ૨૩ એમ ત્રણ દિવસ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો ત્યારે સમસ્ત ભાડ ગામજનો અને દાતાઓ દ્વારા લાપાળા ડુંગર પર ભવ્યથી ભવ્ય અવીચરનાથ મહાદેવ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. ત્યારે આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં યજ્ઞના આચાર્ય શાસ્ત્રી ધર્મેન્દ્ર જનકભાઈ જાની તેમજ શિવ પરિવારના દાતા (શણગાર સહિત) પરસોતમભાઈ વલ્લભભાઈ ગજેરા (જામકંડોણા) તેમજ રામદેવપીર, હરજીભાટી, ડાલીબેન, સ્વ ભીમજીભાઈ ખોડાભાઈ શેલડીયા અને અવિચર નાથ બાપુના ચરણ પગલા તથા ધજા, દંડ, કળશ, ઘંટ તેમજ મોટી ટાઇલ્સ, પોસ્ટરના દાતા ભાવિનભાઈ જેન્તીભાઈ અકબરી (લંડન) અને રામદેવપીર મંદિરના કળશ તથા ધજાદંડ તેમજ છત્તર અને ઘંટના દાતા ધનજીભાઈ નારણભાઈ બાબરીયા (ખંભાળિયાવાળા) તેમજ લાપડા ડુંગર પર મંદિર જવા માટે કાચો રસ્તો બનાવવાના દાતા સ્વ ગાગજીભાઈ કેશુભાઈ અકબરી પરિવાર (ભાડ) રહ્યા હતા. ત્યારે તા.૨૨/૪/૨૫ રાત્રે ૮:૩૦ કલાકે ભવ્ય ધર્મ સભાનું આયોજન રાખેલ હતું, જેમાં બોહળી સંખ્યામાં સાધુ-સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા. તા.૨૩/૪/૨૦૨૫ બુધવારે રાત્રે ૮:૩૦ કલાકે ભવ્ય લોક ડાયરા નું આયોજન કરેલ છે. જેમાં કલાકાર પિયુષભાઈ મિસ્ત્રી, તેમજ જનકભાઈ વેગડ અને મિતલબેન - લેવા એવા નામાંકિત કલાકારો ભજનની રમઝટ બોલાવશે ત્યારે સમગ્ર ભાડ ગામજનો દ્વારા લાપાળા ડુંગર પર ભવ્યાથી ભવ્ય અવિચરણ નાથ મહાદેવનું મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. ત્યારે ત્રણ દિવસ ભાડગામ ધુવાડા બંધ રહી અને મહાપ્રસાદનું પણ આયોજન કરેલ છે. ખાંભા તેમજ સુરત, અમદાવાદ, મુંબઈ અને વિદેશમાંથી ભક્તો અને ગામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયા મોટા : તાલુકા પંચાયત કચેરી ખાતે રાષ્ટ્રીય પંચાયત રાજ દિવસની ઉજવણી કરવામાં આવી



લીલીયા મોટા તાલુકા પંચાયત કચેરી ખાતે કલાકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં ૨૪ એપ્રિલ રાષ્ટ્રીય પંચાયત દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય એ આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ અને શાબ્દિક રીતે સન્માન કરી આવકાર્યા હતા. ત્યારબાદ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા એ પોતાના પ્રસંગિક પ્રવચનમાં ૨૪ એપ્રિલ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી શું કામ કરવામાં આવે છે તેની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે ૧૯૯૨માં બંધારણમાં ૭૩ મો સુધારો લાગુ થવાથી પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવેલ જેને લઈ ગરીબી મુક્ત ઉન્નત આજીવિકા યુક્ત ગામ, સ્વચ્છ ગામ, બાળકો માટે અનુકૂળ ગામ, પાણી પર્યાપ્ત ગામ, સ્વચ્છ અને હરિયાળુ ગામ, આત્મ નિર્ભર માળખાકીય સુવિધા ધરાવતું ગામ, સામાજિક રીતે સુરક્ષિત ગામ, સારા શાસન વાળુ ગામ, મહિલાઓ માટે સુરક્ષિત ગામ, સહિતની સુખાકારીઓ વિશે મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોને માહિતગાર કર્યા હતા ત્યારબાદ વિવિધ સરકારી યોજનામાં વિશિષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરેલ આ તકે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું સંબોધન સાંભળી ઉપસ્થિત લોકો પ્રભાવિત થયા હતા આ તકે તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન નાકરાણી કારોબારી ચેરમેન રાશિભાઈ ડેર, સરપંચ જીવનભાઈ વોરા, તાલુકા ભાજપ મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝીંઝુવાડીયા સહિત ભાજપ અગ્રણી ભનુભાઈ ડાભી તાલુકા પંચાયત સદસ્ય ઘનશ્યામભાઈ મેઘાણી, અરજણભાઈ ધામત કાનજીભાઈ નાકરાણી, સહિતતા સરપંચો તાલુકા પંચાયત સદસ્યો કર્મચારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ સમગ્ર આયોજન તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.




## સંસ્થાનાં સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆની સુઝબુઝે ઈતિહાસ સર્જી દીધો

# બગસરા શરાફી મંડળી ગુજરાતભરની શરાફી સહકારી મંડળીઓમાં પ્રથમ ક્રમાંકે

| | | | |
|---|---|---|---|
| સભાસદ સંખ્યા ૨૩૧૬૦, શેરભંડોળ ૩.૧૯ કરોડ | ધિરાણ ૧૩૭ કરોડ, થાપણો ૧૦૨ કરોડ | કુલ બિઝનેશ ૨.૩૭ અબજ ટર્ન ઓવર ૬.૧૩ અબજ | નફો ૫.૬૪ કરોડ એન.પી.એ. ૦% |


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૪

રાજકોટનાંજનસંઘીદિવંગત સહકારીનેતાઅરવિંદભાઈ મણીયારની સ્મૃતિમાંરશ્વિનભાઈ ડોડીઆસહિતનાં આગેવાનોધ્વારાતા. ૩૦/૬/૧૯૮૪માં ૨૩૬ સભાસદોઅનેરૂા. ૨,૩૬,૦૦શેર ભંડોળથી શરૂ થયેલ આ મંડળીને વર્ષ ૨૦૨૪/૨૫નાંગુજરાતભરની ૬૩૦૦થી વધારેશરાફીસહકારીમંડળીઓનાંવાર્ષિક વહીવટ અને નફાકારત્વક અને વહિવટી બાબતો ધ્યાને રાખી સહકાર ભારતી ગુજરાત ધ્વારા શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ને "પ્રથમ ક્રમાંક" ધરાવતી મંડળ જાહેર કરવામાં આવેલ છે.

મંડળીએવર્ષ૨૦૨૪/૨૫માં ચોખ્ખો નફો રૂા. ૫.૬૪ કરોડ સામે કુલ ધિરાણરૂા. ૧૩૭કરોડ, ડીપોઝીટ ૧૦૨ કરોડ, શેરભંડોળ ૩.૧૯ કરોડ, અનામત ભંડોળ રૂા. ૧૨.૩૯ કરોડ, રોકાણ રૂા. ૩.૭૦ કરોડ, મિલ્કત રૂા. ૧.૩૩ કરોડ, કાર્યશીલ મુડી રૂા. ૨.૪૪ અબજ, કુલ બીજનેશ ૨.૩૭, ટર્નઓવર રૂા. ૬.૧૩ અબજ સામે એન.પી.એ. ૦% અને સભાસદ સંખ્યા ૨૩૧૬૦ ધરાવતી આ મંડળીની બગસરા, ધારી, ચલાલા, લીલીયા મોટામાં સેઈફ ડીપોઝીટ વોલ્ટ સુવિધાસાથેમાલીકીનીઓફીસબિલ્ડીંગ ધરાવેછેઅનેમંડળીપ્રથમથીજઓડીટ વર્ગ 'અ'સાથે પારદર્શક વહીવટીઅને મંડળીનીહાલશાખાઓમાંકુશળ

અનુસંધાન પાના ૬ ઉપર

### ધારી માર્ગ ઉપર નવા ખીજડીયાનાં પાટીયા નજીક

## અમરેલીનાં કુંકાવાવ રોડ પરનાં કારખાનાનાં શ્રમિકનું ટ્રેકટર અકસ્માતમાં મોત થયુ

### મૃતકની પત્નીએ તટસ્થ તપાસની કરી માંગ

અમરેલી, તા. ૨૪

અમરેલીનાં સુળીયાટીંબા વિસ્તારમાં રહેતી રેખાબેન વણઝારા નામની મહિલાએ એક નિવેદનમાં જણાવેલ છે કે, અમરેલી જકાતનાકા કુંકાવાવ રોડ, ટાઈલ્સ અને પેવર બ્લોક કારખાનાના ઘણા વર્ષોથી મારો પતિ મજુરી કરતો હતો. ગત તા. ૨૭/૩/૨૫ના રોજ પેવર બ્લોક ટેલરમાં ભરી ટ્રેકટરનો ફેરો ખાલી કરવા ધારી રોડ ઉપર જતા હતા. અચાનક ટ્રેકટરનાં

અનુસંધાન પાના ૬ ઉપર

### કાશ્મીરનાં પહલ ગામમાં થયેલ આંતકવાદી ઘટનાને લઈને

## અમરેલીમાં શ્રી ભગવાન પરશુરામદાદાની શોભાયાત્રા તેમજ ભોજનનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો

### જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા જાહેરાત કરવામાં આવી

અમરેલી, તા. ૨૪

તમામ હિન્દુ સનાતની જનતાને વિનમ્ર અપીલ છે કે, સમગ્ર હિન્દુ સમાજના અસ્તિકતા અને ધર્મપ્રેમના ભાવ સાથે દર વર્ષે ઊજવાતા ભગવાન પરશુરામજીના પ્રાગટય દિવસ નિમિત્તે તા. ૨૯ એપ્રિલ ૨૦૨૫ મંગળવારના રોજ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું.

પરંતુ ખુબ જ દુઃખ સાથે જણાવવું પડે છે કે કાશ્મીરના પહેલગાવ વિસ્તારમાં તાજેતરમાં નિર્દોષ નાગરિકો પર થયેલા ભયાનક આતંકી હુમલામાં ૨૮ નિર્દોષ લોકો

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાજપ અગ્રણી રવુભાઈ ખુમાણની ઉપસ્થિતિમાં

## રાજુલામાં વિશ્વ હિન્દુ પરિષદ સહિતની સંસ્થાઓ દ્વારા મૌન રેલી યોજવામાં આવી

### સ્થાનિક પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

અમરેલી, તા. ૨૪

રાજુલા શહેરમાં આજે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ તેમજ વેપારીઓ દ્વારા જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલામાં વિરોધમાં મૌન રેલી કાઢ વામાં આવી હતી તેમજ આતંકવાદીઓને કડકમાં કડક સજા થાય તે દિશામાં કાર્યવાહી કરવા દુઃખ વ્યકત કરી અને માંગણી કરી હતી આ રેલી હવેલી ચોકથી લઈ અને શહીદ ચોક સુધી મુખ્ય માર્ગો ઉપર ફરી હતી



પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

આ તકે રવુભાઈ ખુમાણ, જીવરાજભાઈ ચાંદુ, ગૌરાંગભાઈ મહેતા, બકુલભાઈ વોરા, મહેન્દ્રભાઈ ધાખડા, મનોજભાઈ વ્યાસ, ભાર્ગવભાઈ વ્યાસ, દિલીપભાઈ જોષી, જે.ડી. થાકડા, રાજેન્દ્રભાઈ ધાખડા સહિતના સર્વો સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### માર્ગ ઉપર નજર કરો તો યમદુત જેવા લોખંડનાં સળિયા દેખાઈ છે

## જાફરાબાદનાં વાપણીયાની બાજુમાં આવેલ સરકારી શાળાનો માર્ગ ખખડધજ હાલતમાં : બાળકો પરેશાન

### શાળાના શિક્ષકોએ અવાર–નવાર રજુઆત કરી છતાં પરિણામ 'શુન્ય'



જાફરાબાદ, તા.૨૪

જાફરાબાદ તાલુકાના વાપણીયાબાજુઆવેલસરકારીસ્કૂલના અતિશયખખડધજરોડથીઅકસ્માતને નિમંત્રણ મગરમચ્છની પીઠ જેવી હાલતમાં હોય અહીં મહત્વની સ્કુલ આવેલહોવા છતાં પણ તંત્ર ધ્યાન ઉપર લેતું નથી અહીં સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ તથા સરકારી આરટીઆઇ, તથામોડલસ્કૂલતથા ગર્લ્સ હોસ્ટેલવિગેરેશૈક્ષણિકસંસ્થાઓઆવેલી હોય આ સરકારી સ્કૂલોમાં હજારોની સંખ્યામાંવિદ્યાર્થીઓઅવરજવર કરેછે. આટલી મોટી અને મહત્વની સ્કુલઓ આવેલહોવાછતાંતેસ્કૂલસુધીજોડતોરોડ સાવબિસ્માર હાલતમાંહોયઆબાબતે ત્રણેય સ્કૂલના શિક્ષકો દ્વારા આ રોડ બાબતે લાગતા વળગતા ખાતાઓમાં લેખિતરજુઆતતથાજનપ્રતિનિધિતથા પદાધિકારીઓને મૌખિક તથા લેખિત રજૂઆતો કરવાછતાંકોઈ આખખડધજ

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)